₹ ૨૦/-

પ્રેમનું ઊર્મિકાવ્ય

પ્રભુ અર્પણ

જાન્યુઆરી - ૨૦૨૨

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

A SAVITRI ACRONYM

S	=	SRI
A	=	AUROBINDO'S
V	=	VISION
I	=	IN SUPRAMENTAL
T	=	TRUTH
R	=	REVEALED
I	=	INTEGRALLY

સાવિત્રી મહાકાવ્ય

'સાવિત્રી' (મહાકાવ્ય) જે પ્રકારની અનુભૂતિને અભિવ્યક્ત કરે છે, એ પ્રકારની અનુભૂતિ જે વ્યક્તિને થઈ હોય, અથવા તો ન પણ થઈ હોયઃ પરંતુ સ્વભાવગત એ પ્રકારની અનુભૂતિ અથવા મનોમય વલણથી કે પોતાના અગાઉના બુદ્ધિજન્ય જ્ઞાનથી, કે ચૈતસિક અભ્યાસથી જે વ્યક્તિ એ પ્રકારની અનુભૂતિ માટે તૈયાર હોય, ... એ વ્યક્તિ આ કાવ્યના હાર્દમાં અને એની સમજમાં પ્રવેશ પામી શકે છે, અને કાવ્ય તરીકેની એની જે અસર છે, એને પ્રતિસાદ આપી શકે છે.... પરંતુ આ પ્રકારની તૈયારી સિવાય – જે વાચક આ રીતે તૈયાર થયેલ નથી – એને માટે આ કાવ્યને પ્રતિસાદ આપવાનું મુશ્કેલ છે – અને એ એમ છે કારણ કે તમે જે રીતે એને મૂલવો છો, 'નૂતન પ્રકારની અનુભૂતિ અને નવીન 'ટેકનીક' (કૌશલ્ય) વાળી નૂતન કવિતા' હોવાને લીધે સામાન્ય વાચકને માટે મુશ્કેલ છે જ.

શ્રી અરવિન્દ

(Cent. ed. Vol. 26 : 265)

પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જાન્યુઆરી - ૨૦૨૨ વર્ષ : ૦૮ અંક : ૦૧

અનુક્રમ

પ્રેમનું ઊર્મિકાવ્ય

સાવિત્રી વિશે શ્રી માતાજી ૦૮

સાવિત્રીમાંથી પસંદ કરેલી કંડિકાઓ ૧૬

*

તંત્રીનોંધ : શ્રી માતાજીએ આપણને જણાવ્યું છે તે મુજબ 'સાવિત્રી છે જગતના રૂપાંતર માટેનો મંત્ર.' 'સાવિત્રી'નું વાચન, લેખન, શ્રવણ, ચિંતન અને એનું ધ્યાન ધરી આપણે જેટલા વધુ એના વાતાવરણમાં રહીએ, એના પર આપણું ચિત્ત સ્થિર કરીએ તેટલા વધુ પ્રમાણમાં સત્યના પ્રકાશમાં તેમ જ 'સાવિત્રી' જે ભાવિનું સૌન્દર્ય આપણે માટે લઈ આવે છે તેમાં આપણો વિકાસ થાય છે. 'સાવિત્રી' શ્રી અરવિન્દની ખૂબ જ મહત્ત્વની કાવ્યરચના છે, જે આપણે માટે મહત્તર **ચે**તના પરત્વેનાં દ્વાર, **પ્ર**કાશ, **સૌ**ન્દર્ય, **સ**ત્ય અને **શા**ન્તિ તથા **વિ**શાળતા પ્રતિનાં દ્વાર; **અ**નંત **પ્રે**મ અને ઈશ્વરીય **આ**નંદ, ઊર્ધ્વ સંવાદિતતાના લય પરત્વેનાં દ્વાર આપણે માટે ખોલી' આપે છે. પ્રસ્તુત અંકમાં 'સાવિત્રી'ની પસંદ કરાયેલી પંક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જે આપણને પરમોચ્ચ આવિષ્કારના સ્વાદ અને સ્પર્શનો અનુભવ કરાવે છે. આ પંક્તિઓ છે આહ્વાન શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના શબ્દ-દેહ પરત્વેનું – આ પંક્તિઓ જેનું મૂર્ત સ્વરૂપ છે, જે શબ્દ-દેહને એ પોતાની અંદર ધારણ કરે છે તે શબ્દ-દેહના જીવંત સંસ્પર્શથી રૂપાંતરિત થવા માટે એ આપણને આમંત્રે છે. 'સાવિત્રી' છે જીવંત સંનિધિ, જેની રચના સર્વસમયના શ્રેષ્ઠ દ્રષ્ટાએ કરી છે, જેની સહાયથી માનવજાતિ પોતાની યાત્રામાં માનવ – જે ગઈકાલનું સર્જન છે – માંથી આવતી કાલની દિવ્ય અતિમાનવજાતિમાં રૂપાંતરિત થવાની છે, તે મુશ્કેલ સંક્રાંતિમાં પોતાની નાવ હંકારી લઈ જઈ શકે.

***

Bonne Année.
blessings

All Can be done if the God touch is there.

પ્રભુનો સ્પર્શ હોયે તો સર્વ સાધી શકાય છે.

Savitri, p. 3 — Sri Aurobindo

૧૯૭૨

નૂતન વર્ષ

આ વર્ષ શ્રી અરવિન્દને નૈવેદ્ય રૂપે અર્પણ કરવામાં આવ્યું છે.

પૃથ્વી માટે ઉદારતાપૂર્વક જે સર્વ પ્રકાશ, જ્ઞાન અને શક્તિ તેઓ લઈ આવ્યા છે તેને માટે એમના પ્રતિ આપણી કૃતજ્ઞતાની લાગણી પ્રદર્શિત કરવાની શ્રેષ્ઠ રીત એ છે કે એમના તત્ત્વદર્શનની વધુ સારી સમજ કેળવવી અને એ દર્શનને આચરણમાં ઉતારવું. એમનું તત્ત્વદર્શન આપણને પ્રકાશ પૂરો પાડો અને આપણું માર્ગદર્શન કરો. અને આપણે આજે જે કરવા અશક્તિમાન છીએ તે આવતી કાલે આપણે કરી શકીશું.

આપણે સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક યોગ્ય વલણ અપનાવીએ અને એ ખરેખર નૂતન વર્ષ બની રહેશે.

૩૧ ડિસેમ્બર ૧૯૭૧

*

ઈશ્વર વગર આપણે સીમિત છીએ. અસમર્થ છીએ અને નિઃસહાય સ્વરૂપો છીએ. ઈશ્વર આપણી સાથે હોય અને આપણે જો સમગ્રપણે એમને સમર્પિત થઈ જઈએ તો સર્વ કંઈ શક્ય બને છે અને આપણી પ્રગતિ નિઃસીમ બને છે.

*

શ્રી અરવિન્દની જન્મશતાબ્દીના વર્ષ માટે એક વિશિષ્ટ સહાય પૃથ્વી ઉપર ઊતરી આવી છે. આપણે એનો લાભ અહંકાર ઉપર વિજય પ્રસ્થાપિત કરવામાં તેમ જ પ્રકાશમાં પ્રકટ થવા માટે મેળવી લઈએ.

૧ જાન્યુઆરી ૧૯૭૨

શ્રી માતાજી

(CWM : 13 : 16)



‘સાવિત્રી’
શ્રી અરવિન્દ દર્શનનો સર્વોત્તમ આવિષ્કાર

*

સાવિત્રી, અદ્‌ભુત પયગમ્બરી કાવ્ય, જે માનવજાતિના ભાવિ સાક્ષાત્કાર પરત્વેનું માનવજાતિનું માર્ગદર્શક છે.

*

‘સાવિત્રી’ વિશે

(૧) જે વ્યક્તિએ આ મહાકાવ્ય લખ્યું છે એ વ્યક્તિની આધ્યાત્મિક અનુભૂતિઓની દૈનિક નોંધ.

(૨) જે લોકો પૂર્ણયોગની સાધના કરવા માગે છે તેમને માટે માર્ગદર્શક બની રહે એવી યોગની સંપૂર્ણ પદ્ધતિ.

(૩) પરમાત્મા પરત્વેના આરોહણનો પૃથ્વીનો યોગ.

(૪) મા ભગવતીએ જે દેહ ધારણ કર્યો અને જે પૃથ્વી ઉપર તેઓએ અવતાર લીધો એ પૃથ્વીના અજ્ઞાન અને જૂઠાણા સાથે પોતાની જાતને અનુકૂળ કરવાના પોતાના પ્રયત્નોમાં મા ભગવતીને જે અનુભવો થયા તેનું બયાન.

(CWM - Vol-13 - P-24, Vol-16, P-254, Vol-12, P-206)

‘સાવિત્રી’ વિશે શ્રી માતાજી

‘સાવિત્રી’નું મહત્ત્વ :

વ્યક્તિ ‘સાવિત્રી’નું વાચન કરે છે તે પોતાની બુદ્ધિના વિકાસાર્થે તથા ગહનતર વસ્તુઓને સમજવા માટે. સાધક ‘સમાધિ’ ઉપર એકાગ્રતા કરે છે તે ભક્તિભાવમાં વૃદ્ધિ કરવા તથા શ્રી અરવિન્દની સહાય પ્રાપ્ત કરવા માટે તેઓની સાથે પોતાની જાતને સંપર્કમાં મૂકી આપવા માટે. તમે જો આ વસ્તુઓનું મૂલ્ય સમજ્યા હો તો તમારે એ ક્રિયાઓ નિયમિતપણે કરવી જોઈએ. એમ કરતાં તમને જે અટકાવે છે એ છે ચેતનાનું આળસીપણું. તમારો જન્મ થયો છે આધ્યાત્મિક તેમજ સભાન જીવનાર્થે પણ તમે હજુ બહુ નાના છો એટલે એ જીવનને ચરિતાર્થ કરવાનો સંકલ્પ કેળવી શકતા નથી.

આશીર્વાદ

(The Mother, some Answers from the Mother : 23 July, 1969)

*

(‘સાવિત્રી’ વિશે શ્રી માતાજીએ પોતાના શિષ્ય મોના સરકારને જે કહી જણાવ્યું હતું તે મોના સરકારે સ્મૃતિમાંથી ઉતારી ૫ નવેમ્બર, ૧૯૬૭ના રોજ શ્રી માતાજી સમક્ષ વાંચી સંભળાવ્યું હતું. એ લખાણના છેલ્લા પૃષ્ઠ ઉપર શ્રી માતાજીએ "Blessings' લખી આપ્યું હતું. આ અંગે પાછળથી અન્ય એક શિષ્ય શ્રી કિશોર ગાંધીને શ્રી માતાજીએ જણાવ્યું હતું : આ લખાણમાં જે કંઈ જણાવાયું છે તે એકંદરે બરાબર છે. – તંત્રી)

***

‘તું ‘સાવિત્રી’ વાંચે છે ?’

‘હા, માતાજી.’

‘તેં આખુંય કાવ્ય વાંચ્યું છે ?’

‘હા, માતાજી, મેં બે વખત વાંચ્યું.’

‘તેં જે કાંઈ વાંચ્યું તે સમજાયું છે ?’

‘ઘણુંખરું નહિ, પણ મને કવિતા ગમે છે. અને તેને લઈને મેં વાંચ્યું છે.’

તને ન સમજાય તો કંઈ વાંધો નહિ, પણ તે દરરોજ વાંચજે. તને જણાશે કે દરેક વખતે તું વાંચીશ ત્યારે કંઈક નવો પ્રકાશ મળશે. દરેક સમયે તને કંઈક નવું જણાશે, કંઈક નવી અનુભૂતિ થશે. પહેલાં જે વસ્તુ જણાતી નહોતી; જે તને સમજાતી નહોતી તે પ્રકાશમાં આવશે; એકાએક તને સ્પષ્ટ થતી લાગશે. શબ્દો અને પંક્તિઓમાંથી હંમેશાં કંઈક અનપેક્ષિત બહાર તરી આવશે. દરેક વખતે વાંચવાનો અને સમજવાનો પ્રયત્ન

કરતો રહીશ તેમ તેમ તને જણાશે કે કંઈક નવું ઉમેરાયું છે, જે કંઈ પાછળ અદષ્ટ હતું તે સ્પષ્ટપણે, વિગતસર પ્રકાશિત થઈ રહ્યું છે. હું તને કહું છું કે, જે કંડિકાઓ પહેલાં વાંચી ગયો હોઈશ તે બધું ફરી વાંચતી વખતે કોઈ નવા પ્રકાશમાં પ્રગટતું જણાશે. આવું હંમેશાં સતત બનતું રહે છે. દર વખતે તારા અનુભવને કંઈક સમૃદ્ધ કરી રહ્યું હોય એમ જણાશે. પ્રત્યેક પગલે નવો પ્રકાશ લાધશે.

પરંતુ તારે બીજાં જે પુસ્તકો કે દૈનિકપત્રો લોકો વાંચે છે તેમ 'સાવિત્રી' વાંચવાનું નથી. તારા મગજને ખાલી કરીને, કોરું કરીને, શૂન્ય કરીને વાંચવાનું છે. ત્યાં અન્ય કોઈ વિચાર હોવો ન જોઈએ. તારે ઘણા એકાગ્ર થવાનું છે, ખાલી, શાંત અને ખુલ્લા રહેવાનું છે. અને પછી ગ્રંથમાં શ્વેત પાનાં પર શબ્દો, લયો, આંદોલનો સીધાં ઓતપ્રોત થઈ જશે; ગ્રંથના માળખા પર તેમની છાપ પડી જશે, તારા પ્રયત્ન વગર બધું ખૂલતું જશે.

નીસરણીના સર્વોચ્ચ પગથિયે ચડવા માટે 'સાવિત્રી' એકલું જ પૂરતું સાધન બનશે. જો કોઈ ખરેખર તેના પર ધ્યાન કરે તો તેને જોઈતું બધું તેમાંથી મળી રહેશે. જેને એ માર્ગે જવાની ઇચ્છા હશે, તેને માટે તે નગદ સહાય બની રહેશે - જાણે કે પ્રભુ પોતે જ હાથ પકડીને લઈ જતા હોય, નિર્ણીત લક્ષ્ય પ્રત્યે દોરી જતા હોય ! અને પછી દરેક પ્રશ્નોના, ભલેને ગમે તેટલો તે અંગત હોય, જવાબ અહીં હશે. દરેક મુશ્કેલીને ઓળંગવાને માટેનું સાધન ત્યાં જડી આવ્યું છે. અલબત્ત, યોગ કરવા માટે જરૂરી બધું ત્યાં છે. શ્રી અરવિન્દે એક ગ્રંથમાં આખું વિશ્વ ઠાંસી દીધું છે. એ એક આશ્ચર્યકારક કૃતિ છે, ભવ્ય છે, અનુપમ પૂર્ણતાવાળી છે.

તને ખબર છે કે શ્રી અરવિન્દે તે લખતાં પહેલાં મને જણાવ્યું હતું : 'હું એક નવું સાહસ ખેડવા પ્રેરાઈ રહ્યો છું. શરૂમાં મને કંઈક રુકાવટ જણાતી હતી; પણ હવે કૃતનિશ્ચિય થયો છું. છતાંય કેટલે અંશે સફળ થઈશ તેની ખબર નથી. મદદને માટે પ્રાર્થું છું. 'એ શું હતું તે તને સમજાયું ?' હું તને આગળથી જ જણાવી દઉં કે એ શરૂ કર્યા પહેલાંની વાત હતી, તેમની બોલવાની એ રીત હતી, નમ્રતાપૂર્ણ અને દિવ્ય વિનયશીલ. તેમણે કદાપિ આગ્રહપૂર્વક પોતાની જાતને સ્થાપી નથી. અને પછી જ્યારે 'સાવિત્રી'ની ખરેખરી શરૂઆત થઈ ત્યારે તેમણે કહ્યું : 'અનંતના અફાટ વિસ્તારમાં સુકાન વગરની નૌકામાં મેં ઝંપલાવ્યું છે.' અને પછી શરૂ થતાંની સાથે જ વિરામ વગર પાન પછી પાન લખાતાં ગયાં, જાણે કે ઉપર બધું જ પૂર્ણરૂપે હતું અને તેમને તો માત્ર પાનાં પર સહીથી ટપકાવી દેવાનું હતું !

ખરું જોતાં 'સાવિત્રી'નું સમગ્ર સ્વરૂપ સર્વોચ્ચ ભૂમિકાના લોકમાંથી એકી સાથે ઊતરી આવ્યું છે અને શ્રી અરવિન્દે પોતાની પ્રતિભાને બળે બધી પંક્તિઓ વ્યવસ્થિત કરી દીધી છે એક ઉત્કૃષ્ટ અને ભવ્ય શૈલીમાં. કેટલીક વાર આખી ને આખી પંક્તિઓ ઊતરી આવતી. એ બધી તેમણે એમ ને એમ રાખી છે. તેમણે શક્ય તેટલાં સર્વોચ્ચ શિખર

પરથી પ્રેરણા પામવા અથાક પ્રયત્ન કર્યો છે. અને કેવું સુંદર સર્જન તેમણે કર્યું છે ! હા, તે પોતે જ એક સાચું સર્જન છે. આ કૃતિ અદ્વિતીય છે. તેમાં બધું જ છે. અને એ સર્વ એમણે કેવી સુરેખ આકૃતિમાં સરળ રીતે ઢાળ્યું છે ! કંડિકાઓ કેવી પૂર્ણભાવે સુસંવાદી, સ્વચ્છ અને શાશ્વત સત્યવાળી છે ! બેટા, મેં ઘણું વાચ્યું છે, પણ 'સાવિત્રી'ની સાથે સરખાવી શકાય એવું કશું મેં કદાપિ જોયું નથી. મેં ગ્રીક, લૅટિન, અંગ્રેજી અને અલબત્ત ફ્રેન્ચ ભાષાઓની સર્વોચ્ચ કૃતિઓનો અભ્યાસ કર્યો છે. વળી જર્મન અને પશ્ચિમ તેમ જ પૂર્વનાં મોટાં સર્જનો, તેમનાં મોટાં મહાકાવ્યો જોયાં છે. અને છતાંય હું ફરીથી જણાવું છું કે મેં 'સાવિત્રી' જેવું કશું ક્યાંય જોયું નથી. એ સઘળી સાહિત્યિક કૃતિઓ મને ખાલી જણાઈ છે, અસાર અને પોલી જણાઈ છે, ક્યાંય ઊંડી વાસ્તવિક્તા જણાઈ નથી. અલબત્ત, કેટલાક વિરલ અપવાદો છે, પરંતુ એ 'સાવિત્રી'ના એક નાના વિભાગ જેવા દર્શાવી શકાય. કેવો ભવ્ય વૈભવ, કેવી વિશાળતા, કેવી વાસ્તવિક્તા ! એમણે એક અમર, શાશ્વત સર્જન કર્યું છે. ફરી તને જણાવું છું કે જગતમાં એનો જોટો નથી. અને ધારો કે કોઈ એની વાસ્તવિક્તાના દર્શનને ન અડકે, એટલે કે તેની પ્રેરણાના હાર્દ સમાં મૂળ સત્ત્વનો સ્પર્શ ન કરે, અને માત્ર તેની કંડિકાઓનો જ વિચાર કરે, તોય તેને તે અજોડ જણાશે, શિષ્ટ પ્રકારોમાં સર્વોચ્ચ જણાશે, એમણે જે સર્જ્યું છે તેની મનુષ્ય ધારણા નહિ કરી શકે. કારણ કે ત્યાં બધું છે, હા બધું જ.

ત્યારે આપણે એમ કહી શકીએ કે 'સાવિત્રી' એક શ્રુતિ છે, એક ધ્યાન છે. તે અનંતની શાશ્વતીની એક ખોજ છે. જો એનું વાચન અમરતાની આવી અભીપ્સાથી કરવામાં આવે, તો માત્ર વાચન અમરતાનું માર્ગદર્શન કરાવશે. 'સાવિત્રી'નું વાચન એટલે યોગનો અભ્યાસ, આધ્યાત્મિક એકાગ્રતા. દિવ્ય તત્ત્વને પામવા જે કાંઈ જરૂરી છે એ બધું ત્યાં મળશે. યોગનું એકેએક સોપાન એમણે નોંધ્યું છે અને અન્ય યોગનું રહસ્ય પણ સમાવ્યું છે. જો કોઈ સાચેસાચ એની કંડિકામાં આવિર્ભાવ પામેલા રહસ્યને અનુસરી શકે, તો આખરે તે અતિમાનસિક યોગના રૂપાંતરને પહોંચી શકે. 'સાવિત્રી' એક એવો અભ્રાંત ભોમિયો છે જે કદાપિ આપણને છોડતો નથી; એ માર્ગે જવાની ઈચ્છાવાળાને માટે તે સદાય આધારભૂત છે. 'સાવિત્રી'ની પંક્તિએ પંક્તિ મંત્ર છે, માનવે જ્ઞાનને માર્ગે જે કાંઈ પોતાનું કરી લીધું છે તે સર્વના કરતાં ચડી જાય એવું છે. અને ફરી પાછું જણાવું છું કે તેના શબ્દો એવી રીતે અભિવ્યક્તિ પામ્યા છે, ગ્રંથાયા છે કે તેના લયનું ગુંજન દર્શનના મૂળ ઉચ્ચાર ઓમ્ પ્રતિ દોરી જાય છે.

વહાલા બાળક, ખરેખર એમાં બધું જ છે - અગમ્યવાદ, ગૂઢવાદ, ફિલસૂફી, ઉત્ક્રાંતિનો વિકાસક્રમ, માનવનો, દેવોનો, સૃષ્ટિનો, પ્રકૃતિનો ઈતિહાસ, વિશ્વનું સર્જન કેવી રીતે થયું, શા માટે થયું, કયા હેતુઓને લઈને થયું. નિયતિ કઈ છે, - એ બધું એમાં છે. તારા બધા પ્રશ્નોના ઉત્તરો એમાં મળી આવશે. દરેક વસ્તુ એમાં સમજાવવામાં

આવી છે; માનવનું ભાવિ તેમ જ ઉત્ક્રાંતિની વાત જણાવવામાં આવ્યાં છે. તદ્‌પરાંત માનવ હજીય જે કાંઈ જાણતો નથી તે પણ તેમાં છે. જેઓ અધ્યાત્મમાર્ગના સાહસવીરો છે, જેમને આ વિશ્વનાં રહસ્યમય સત્યો ઉકેલવાં છે, તેમને સહેલાઈથી સમજી શકાય તેવા સુંદર અને સ્પષ્ટ શબ્દોમાં બધું જ વર્ણવ્યું છે. પરંતુ તેની પંક્તિઓની પાછળ આ રહસ્યમયતા ઠીક ઠીક છુપાયેલી છે. તેને શોધવા માટે શોધકે સાચી ચેતનાની અધિકૃત ભૂમિકા પર આરોહણ કરવું જરૂરી છે. બધી ભવિષ્યવાણી, જે કંઈ બનવાનું છે તે સઘળું ખૂબ ચોક્કસ અને આશ્ચર્યપૂર્ણ સ્પષ્ટતાથી તેમાં રજૂ કરવામાં આવ્યું છે.

શ્રી અરવિન્દ એમાં સત્ય શોધવાની, ચેતનાને ખુલ્લી કરવાની ચાવી આપે છે, જેને લઈને ત્યાં પ્રકાશ પ્રવેશે અને તેનું રૂપાંતર કરી શકે. તેમણે માર્ગ ચીંધ્યો છે, મનુષ્ય કેવી રીતે અજ્ઞાનમાંથી પોતાને મુક્ત કરી શકે અને અતિમનસ ચેતના લગી બરાબર આરોહણ કરી શકે, કેવી રીતે પ્રત્યેક ભૂમિકા પર પહોંચી શકાય, ચેતનાના પ્રત્યેક સ્તર પર કેવી રીતે જઈ શકાય, કેવી રીતે મૃત્યુની બાધાને ઓળંગી જવાય, અમરતાને પહોંચી શકાય – એ બધું એમાં જણાવ્યું છે, આ બધા પ્રવાસની તમને વિગતો મળે, અને જેમ જેમ આગળ વધો તેમ તેમ મનુષ્યને, સર્વ રીતે અજ્ઞાત એવી વસ્તુઓ કેમ ખુલ્લી થઈ શકે, એ તમને એમાં મળી આવશે. 'સાવિત્રી' આ છે અને એથીયે ઘણું બધું. 'સાવિત્રી'નું વાચન એક વાસ્તવિક અનુભૂતિ છે. મનુષ્યની પાસે જે જે રહસ્યો હતાં તે તેમણે દર્શાવ્યાં છે. તદ્‌પરાંત, તેના ભાવિમાં શું શું થનાર છે તે જણાવ્યું છે. આ બધું 'સાવિત્રી'ના ઊંડાણમાં જણાઈ આવે છે. પરંતુ તેની પાસે આ બધું શોધવાનું જ્ઞાન હોવું જોઈએ. ચેતનાના સ્તરોની અનુભૂતિ હોવી જોઈએ, અતિમનસની અનુભૂતિ હોવી જોઈએ અને મૃત્યુ પરના વિજયની અનુભૂતિ હોવી જોઈએ. શ્રી અરવિન્દે બધી ભૂમિકાઓ નોંધી હતી, તેમના પૂર્ણયોગમાં પૂર્ણપણે આગળ વધવા માટે દરેક પગથિયું ચિહ્નિત કર્યું હતું.

આ બધી તેમની પોતાની અનુભૂતિ છે. અને સૌથી આશ્ચર્યકારક તો એ છે કે તે મારી પણ અનુભૂતિ છે. એમણે મારી સાધના સુગ્રથિત કરી છે. પ્રત્યેક પદાર્થ, પ્રત્યેક ઉપલબ્ધિ, બધાં વર્ણનો, અરે, એના રંગો સુધ્ધાં મેં જે જોયા, બરાબર તે જ છે; શબ્દો, પદો મેં જે સાંભળ્યાં તે જ છે. અને આ બધી મેં એ પુસ્તક વાંચ્યું તે પહેલાંની વાત છે. પાછળથી મેં 'સાવિત્રી' ઘણી વાર વાંચ્યું; પણ તે પહેલાં જ્યારે તેઓ લખતા હતા ત્યારે મને વાંચી સંભળાવતા. દરેક સવારે 'સાવિત્રી'નું તેમનું વાચન હું સાંભળતી. રાતે પોતે લખતા, સવારે વાંચી સંભળાવતા. અને મેં જોયું કે એમાં કંઈક વિલક્ષણતા હતી. દિવસે દિવસે સવારે જે અનુભૂતિઓ તેઓ સંભળાવતા તે સઘળી મેં પહેલાંની રાતે અનુભવેલી હોય, શબ્દેશબ્દ. હા, બધાં જ વર્ણનો, રંગો, ચિત્રો મેં જે જોયેલાં તે જ, શબ્દો મેં સાંભળેલા તે જ બધું. મેં જે સાંભળેલું તે જ એમણે કાવ્યમાં ઉતારેલું, ચમત્કારપૂર્ણ કાવ્યમાં ! હા, પહેલાંની રાતે મને જે અનુભૂતિઓ થયેલી તે જ એ હતી, બીજી સવારે જે

સંભળાવતા તે એ જ હતી. અને આ કંઈ એકાદ દિવસની વાત નથી, દિવસોના દિવસો ચાલ્યા કર્યું. મને જે અનુભૂતિઓ થયેલી તેની સાથે હું તેમને સરખાવતી. તે હંમેશાં એક જ હતી. સાચેસાચ, મેં કાંઈ એમને મારી અનુભૂતિઓ કહી બતાવેલી નહોતી; પાછળથી એમણે એ બધી નોંધ રાખેલી હોય એમ પણ નહોતું. ના, ના; મેં જે જોયેલું તે તેઓ પહેલેથી જ જાણતા હતા. લંબાણપૂર્વક દર્શાવેલી એ બધી મારી અનુભૂતિઓ હતી; અને એમની પણ એ જ અનુભૂતિઓ હતી. તદુપરાંત, અજ્ઞાતના અમારા સંયુક્ત સાહસની એ ગાથા હતી, અથવા કહો કે અતિમનસની.

શ્રી અરવિન્દે જીવનમાં ઉતારેલી આ અનુભૂતિઓ છે; એ બધી વાસ્તવિકતાઓ છે, વિશ્વાતીત સત્યો છે. જેમ કોઈ વ્યક્તિ શારીરિક રીતે આનંદ કે શોકનો અનુભવ કરે છે, તેમ તેમણે આ બધી અનુભવેલી હકીકતો છે. તેઓ અવચેતનાના અંધકારમાં ચાલેલા, મૃત્યુની નિકટ જઈ પહોંચેલા, નરકની યાતનાઓ તેમણે સહેલી. અને કાદવમાંથી, પાર્થિવ દુઃખમાંથી બહાર નીકળીને તેમણે સર્વોપરી વિપુલતાનો શ્વાસ લીધો, પરાત્પર આનંદમાં પ્રવેશ્યા. આ બધા ખંડો તેઓ ખૂંદી વળ્યા, તેનાં પરિણામોમાંથી પસાર થયા અને કોઈ કલ્પી ન શકે એવું ભૌતિક રીતે સહ્યું અને ટકી રહ્યા. આજ લગી કોઈએ તેમના જેવું સહ્યું નથી. તેમણે આ યાતનાઓ સ્વીકારી અને પરાત્પરના મિલનના આનંદમાં તેને રૂપાંતરિત કરી. દુનિયાના ઈતિહાસમાં આ એક અનુપમ અને અજોડ ઘટના હતી. કદાપિ નહિ બનેલી એ વાત હતી. અજ્ઞાતનો માર્ગ ચીંધનાર તેઓ સર્વપ્રથમ છે. અને આને લઈને આપણે અતિમનસ તરફ નિશ્ચિતપણે પગલું માંડી શકીએ. તેમણે આપણું કામ સરળ કરી આપ્યું છે. 'સાવિત્રી' તેમનો રૂપાંતરનો સમગ્રભાવી યોગ છે અને આ યોગ પાર્થિવ ચેતનામાં પહેલી વાર સ્થપાયો છે.

અને મને લાગે છે કે માનવ હજીય તે યોગને સ્વીકારવા તૈયાર નથી. તેને માટે તે ઘણો ઊંચો છે, ઘણો વિશાળ છે. તે તેને સમજી શકતો નથી, ગ્રહણ કરી શકતો નથી; કારણ કે, મનથી 'સાવિત્રી' સમજી શકાય તેમ નથી. તેને સમજવા માટે, તેને આત્મસાત્ કરવા માટે આધ્યાત્મિક અનુભૂતિ આવશ્યક છે. યોગને માર્ગે તે જેમ જેમ આગળ વધતો જશે, તેમ તેમ તે આત્મસાત્ કરતો જશે અને વધુ સારી રીતે એમ થશે. ના, ખરું જોતાં તો ભવિષ્યમાં જેની કદર થઈ શકે તેવી આ વાત છે. 'ભાવિ કવિતા' વિશે તેમણે જે જણાવ્યું છે તે આવતીકાલની એ કવિતા છે. એ છે અતિ સૂક્ષ્મ, અતિ સંસ્કારી, એ મનમાં કે મન દ્વારા પામી શકાય એમ નથી. 'સાવિત્રી'નો આવિર્ભાવ ધ્યાનમાં થાય છે.

અને મનુષ્યો વર્જિલ કે હોમરની સાથે તેને સરખાવવાની ધૃષ્ટતા કરે છે, તેને નીચી કોટિની ગણે છે ! તેઓ સમજતા નથી, સમજી શકે તેમ નથી ! તેઓ શું જાણે છે ? કંઈ જ નહિ. તેમને સમજાવવાનો પ્રયત્ન કરવો એ નિરર્થક છે. તે જે કંઈ છે તે માનવ સમજશે, પરંતુ એ દૂરના ભવિષ્યમાં. તેને સમજવાને શક્તિમાન થશે માત્ર નવીન જાતિની નવીન

ચેતના. હું તને ખાતરીપૂર્વક કહું છું કે આ નીલ ગગનની તળે 'સાવિત્રી'ની સાથે સરખાવી શકાય એવું કશું જ નથી. એ એક રહસ્યોનું રહસ્ય છે. એ મહાકાવ્યની પર છે, સાહિત્યથી પર છે, કાવ્યથી પર છે, દર્શનથી પર છે. તેમણે જેટલી લીટીઓ લખી છે તે જોતાં પણ તે એક અજોડ કૃતિ છે. ના, આ માનવીય શબ્દો 'સાવિત્રી'ને વર્ણવવા પૂરતા નથી. હા, એને વર્ણવવા માટે સર્વોત્કૃષ્ટ ભાષા જોઈએ, પરોક્તિ જોઈએ. 'સાવિત્રી' સર્વોત્કૃષ્ટ મહાકાવ્યથી ઊંચે છે. ના, 'સાવિત્રી'ને વિશે શબ્દો કંઈ જ અભિવ્યક્ત કરી શકે તેમ નથી. અલબત્ત, મને એવા શબ્દો જડતા નથી. તે એક અત્યંત ગુણવત્તાવાળી કૃતિ છે - આધ્યાત્મિક તેમ જ અન્ય સૌ મૂલ્યોવાળી. તેનો વિષય શાશ્વત છે. પ્રભાવ અનંત છે. સર્જનશક્તિની કળામાં અને તેના પ્રકાશમાં તે ચમત્કારપૂર્ણ છે. તે એક અનન્ય ચીજ છે. તમે જેમ જેમ તેના સંપર્કમાં આવતા જશો, તેમ તેમ તમારું ઊર્ધ્વીકરણ થતું જશે. અહોહો, ખરેખર એ કંઈક છે. માનવને માટે તેમણે એક અત્યંત સુંદર વસ્તુ મૂકી છે. શક્ય તેટલી સર્વોત્કૃષ્ટ. એ શું છે ? માનવ ક્યારે તેને જાણશે ? ક્યારે તે સત્યમય જીવન ગાળતો થશે ? પોતાના જીવનમાં તે ક્યારે તેને સ્વીકારશે ? આ જાણવાનું હજી બાકી છે.

બેટા, દરરોજ જ્યારે તું સાવિત્રી વાંચે ત્યારે યોગ્ય રીતે વાંચજે; અર્થાત્ યોગ્ય મનોભાવ સાથે, પાનાં ખોલતાં પહેલાં જરા એકાગ્ર થઈને અને મનને શક્ય તેટલું ખાલી રાખવાનો પ્રયત્ન કરીને, કોઈ પણ પ્રકારના વિચાર વગર વાંચજે. 'સાવિત્રી' વાંચવાનો સહજ માર્ગ છે હૃદયથી વાંચવાનો. હું તને કહું છું કે જો તું આ અભીપ્સા સાથે ખરેખર એકાગ્ર થઈ શકે તો તારામાં જ્યોતિ પ્રગટશે અને એ પ્રકાશ ચૈત્ય જ્યોતિનો હશે. થોડા સમયમાં જ એ પ્રકાશ તારું શુદ્ધિકરણ કરશે, કદાચ થોડાક દિવસોમાં સામાન્યપણે તું જે કંઈ ન કરી શકે તે 'સાવિત્રી'ને લઈને તું કરી શકશે. પ્રયત્ન કરી જો અને તને જણાશે કે એ કેવું વિશિષ્ટ પ્રકારનું છે, કેવું નવીન છે ! જો તું આ મનોભાવ સહિત વાંચી શકીશ, જો તારી ચેતનાના ઓથે આવું કંઈક રાખી શકીશ, જાણે કે આ બધું શ્રી અરવિન્દને અર્પણ હોય, તો તને આ સમજાશે.

સાચી રીતે જોતાં 'સાવિત્રી' પ્રદ્યોતિત ગ્રંથ છે, ચેતનાસભર ગ્રંથ છે. એ જાણે કે કોઈ સત્તા ન હોય, ભોમિયો ન હોય ! જે કોઈ વ્યક્તિ યોગ કરવા ઈચ્છતી હશે, સચ્ચાઈથી પ્રયત્નશીલ હશે અને તેની આવશ્યકતા તેને જણાતી હશે, તે 'સાવિત્રી'ની મદદથી યોગના સર્વોચ્ચ પગથિયે ચડી શકશે. તે 'સાવિત્રી'નું ગૂઢ રહસ્ય પામી શકશે. અને આમ કરવામાં એને કોઈ ગુરુની જરૂર નહીં જણાય. તેને માટે એકલો 'સાવિત્રી' ભોમિયો બનશે, તેને જે જોઈતું હશે તે બધું તેમાં મળી આવશે. જો તે મુશ્કેલીની સમક્ષ શાંત નિઃસ્તબ્ધ રહી શકશે અથવા તો આગળ જવા માટે તેણે ક્યાં જવું, મુશ્કેલીઓને કેમ ઓળંગી જવી એ જણાતું નહિ હોય, આવા બધા તર્કવિતર્કની વેળાએ, અને ડગલે ને

પગલે આપણને અભિભૂત કરતી આવી અનિશ્ચિતતાઓમાં, તેને 'સાવિત્રી'માંથી સૂચનો મળી રહેશે, જરૂરી નક્કર સહાય મળી રહેશે. જો તેનું ચિત્ત શાંત હશે, ખુલ્લું હશે, જો તેની અભીપ્સા સાચી હશે તો જાણે કે કોઈ હાથથી તેને દોરી રહ્યું હોય તેમ લાગશે. તેનામાં જો શ્રદ્ધા હશે, સમર્પણનો સંકલ્પ હશે, આવશ્યક સહૃદયતા હશે તો આખરી લક્ષ્યને તે પામી શકશે.

વાસ્તવિક રીતે 'સાવિત્રી' કંઈક નગદ વસ્તુ છે, જીવતીજાગતી વસ્તુ છે. ચેતનાથી તે ઠાંસી ઠાંસીને ભરાયેલી છે. તે એક પરમ જ્ઞાન છે. માનવનાં સઘળાં તત્ત્વજ્ઞાન, તેના ધર્મોથી પર, તે એક અધ્યાત્મ પંથ છે, યોગ છે, તપસ્યા છે. તે સ્વયંપરિપૂર્ણ છે. તેનામાં એક અલૌકિક શક્તિ છે. ઝીલી શકે તેને તેમાંથી સ્ફુરણા મળે છે. ચેતનાની પ્રત્યેક ભૂમિકાએ યોગ્ય સ્ફુરણા મળે છે. તે અદ્વિતીય છે. તે એક સર્વાંગીણ સત્ય છે, શ્રી અરવિન્દે જે સત્યને પાર્થિવ ભૂમિ પર ઉતાર્યું છે તે સત્ય છે. વહાલા બાળક, 'સાવિત્રી'જે રહસ્યનું નિરૂપણ કરવા માગે છે તે શોધવા પ્રયાસ કરવો જોઈએ. એમાં શ્રી અરવિન્દના અવતારી સંદેશનો આવિર્ભાવ છે. તારી સમક્ષ આ પુસ્તક છે; તે અઘરું છે અને એટલે જ તો તે પડકાર ઝીલવા જેવો છે. આશીર્વાદ !!

૫-૧૧-૧૯૬૭ **શ્રી માતાજી**

(અનુવાદ : શ્રી જયંતીલાલ આચાર્ય, શ્રી અરવિન્દાયન–કપડવંજ દ્વારા પ્રકાશિત 'શ્રી મા મીરાં શતાબ્દી ગ્રંથ'માંથી સાભાર)

*

'સાવિત્રી'નું મહત્ત્વ ખૂબ જ છે.
એનો વિષય વિશ્વવ્યાપક છે.
એનું દર્શન ભવિષ્યનો પેગામ છે.
એના સાન્નિધ્યમાં ગાળેલો સમય એળે જતો નથી.

શ્રી માતાજી

'સાવિત્રી' અદ્‌ભુત છે, તેઓએ સર્વ કંઈનું પૂર્વદર્શન કર્યું હતું, સર્વ કંઈ જોઈ લીધું હતું, સર્વ કંઈ. એવો એક પણ મુદ્દો નથી જેની શોધ એમણે ન કરી હોય !

(The Mother : Conversation with a Disciple, April 20, 1963)

*

'સાવિત્રી' સંપૂર્ણપણે બીજે ક્યાંકથી ઊતરી આવી છે. અને મને એ લાગે છે 'સાવિત્રી' એ ખૂબ જ મહત્ત્વનું કાવ્ય છે, જેના વિશે વાત કરી શકાય.

(The Mother : Conversation with a Disciple, September 23, 1961)

*

'સાવિત્રી' ચિત્તાકર્ષક છે.
હું માનું છું 'સાવિત્રી' એ છે એમનો સંદેશ – બાકીનું સર્વ કંઈ છે તૈયારી, જ્યારે 'સાવિત્રી' છે સંદેશ.
'સાવિત્રી' શું છે ?
'સાવિત્રી' એ ખરેખર જમાવટ છે, વૈશ્વિક માતાનું કેન્દ્રીકરણ – શાશ્વત વૈશ્વિક માતા, સર્વ શાશ્વતીઓમાંના સર્વ વિશ્વોની માતા – પૃથ્વીના ઉદ્ધારાર્થે પાર્થિવ વ્યક્તિતામાં થયેલું કેન્દ્રીકરણ અને સત્યવાન છે પૃથ્વીનો આત્મા, પૃથ્વીનો જીવ છે. એટલે પ્રભુ જ્યારે લખે છે કે 'તે, જેને તું પ્રેમ કરે છે અને જેની તેં પસંદગી કરી છે' એનો અર્થ થાય છે : 'પૃથ્વી'. બધી જ વિગતો ત્યાં છે ! સાવિત્રી જ્યારે નીચે અવતરણ કરે છે, મૃત્યુ જ્યારે છેવટે તાબે થઈ જાય છે, જ્યારે બધું નક્કી થઈ ગયું હોય છે, પરમાત્મા સાવિત્રીને જણાવે છે : 'Go, go with him, the one you have chosen.' 'તેં જેની પસંદગી કરી છે એની સાથે તું જા, પૃથ્વી ઉપર અવતરણ કર' અને એ અવતરણનું વર્ણન શ્રી અરવિન્દ કેવી રીતે કરે છે ? તેઓ લખે છે : સાવિત્રી ખૂબ જ કાળજીપૂર્વક પોતાના બાહુઓમાં સત્યવાનના આત્માને લે છે, નાનું બાળક આપણે લેતાં હોઈએ તેમ - સર્વ પ્રદેશોમાંથી પસાર થઈને પૃથ્વી ઉપર પાછા ઊતરવા એ સત્યવાનના આત્માને પોતાના બાહુઓમાં ધારણ કરે છે. બધું જ વર્ણન એમાં છે. એક પણ વિગત તેઓ ભૂલ્યા નથી, એ વર્ણન સમજી શકાય એટલું સરળ તેમણે બનાવી દીધું છે – જે સર્વ કંઈ સરળ કરી આપ્યું છે અને સાવિત્રી જ્યારે પૃથ્વી ઉપર પહોંચે છે ત્યારે જ સત્યવાન એની પૂર્ણ માનવ આકૃતિ ધારણ કરે છે.

(The Mother : Conversation with a Disciple, January 22, 1961)

*

તમે જાણો છો કે 'સાવિત્રી' એ છે ચોક્કસ વર્ણન – એ નથી સાહિત્ય, નથી કવિતા (અલબત્ત એનું રૂપ એકદમ કાવ્યાત્મક છે) એ છે ચોક્કસ વર્ણન, ક્રમશઃ એક પછી એક ફકરો, એક પછી બીજું પૃષ્ઠ; હું જેમ વાચન કરું છું' તેમ એ સર્વ હું પુનઃ જીવું છું. મેં મારી ઘણી અનુભૂતિઓ વિશે શ્રી અરવિન્દને જણાવ્યું હતું તે ઉપરાંત અન્ય અનુભૂતિઓ પણ શ્રી અરવિન્દે સાવિત્રી મહાકાવ્યમાં સમાવિષ્ટ કરી છે. શ્રી અરવિન્દે ઘણી બધી આધ્યાત્મિક અનુભૂતિઓ સમાવિષ્ટ કરી છે એમ નલિની પણ કહે છે. શ્રી અરવિન્દે ઘણા લાંબા સમય અગાઉ 'સાવિત્રી' મહાકાવ્યનું પ્રથમ લખાણ કર્યું હતું તે વિશે નલિની પરિચિત હતા. અને જ્યારે એમણે 'સાવિત્રી'નું પુનઃ લેખનકાર્ય કર્યું ત્યારે ઘણી બધી નવી અનુભૂતિઓ પણ એમાં ઉમેરી હતી.

(The Mother : Conversation with a Disciple, July 4, 1961)

*

સાવિત્રી મહાકાવ્યની પસંદગીની પંક્તિઓ

(‘સાવિત્રી’ નો ગુજરાતી અનુવાદ શ્રી પૂજાલાલનો છે.)

Earth-nature's change

Hard is it to persuade earth-nature's change;
Mortality bears ill the eternal's touch:
It fears the pure divine intolerance
Of that assault of ether and of fire;
It murmurs at its sorrowless happiness,
Almost with hate repels the light it brings;
It trembles at its naked power of Truth
And the might and sweetness of its absolute Voice.
Inflicting on the heights the abysm's law,
It sullies with its mire heaven's messengers:
Its thorns of fallen nature are the defence
It turns against the saviour hands of Grace;
It meets the sons of God with death and pain.

Savitri : 7

પાર્થિવ પ્રકૃતિનો સ્વભાવ

પૃથ્વી કેરી પ્રકૃતિને સમજાવી
તેની પાસે રૂપાંતર સધાવવું
સાચે મુશ્કેલ કાર્ય તે;
સ્પર્શ શાશ્વતનો રૂડી રીતે ના મર્ત્યતા સહે;
વ્યોમ ને વહ્નિ કેરું એ જે આક્રમણ આવતું
તેની વિશૃદ્ધ ને દૈવી અસહિષ્ણુ સ્વભાવથી મર્ત્યતા ડરતી રહે.
દુઃખરહિત તેના એ સુખ સામે બબડાટ કર્યા કરે,
ને તે જ્યોતિ લાવે છે
તેને પ્રાયઃ ધિક્કારીને ધકેલી દૂર મૂકતી;
સત્ય કેરા નગ્ન એના પ્રભાવથી
અને સર્વોચ્ચ જે એનો શબ્દ તેની શક્તિ ને માધુરી થકી
રહે છે એ પ્રકંપતી.
શિખરો પર ગર્તોનાં ધારાધોરણ લાદતી
પોતાને કીચડે મેલા બનાવી દે દૂતોને દેવલોકનાઃ
ઉદ્ધારક કૃપા કેરા કરો સામે બચાવમાં
ભ્રષ્ટ સ્વભાવના એના સામે એ કંટકો ધરે;
પુત્રોને પ્રભુના ભેટે મૃત્યુ ને યાતના લઈ.

The embodied Divine Mother's personality
All in her pointed to a nobler kind.
Near to earth's wideness, intimate with heaven,
Exalted and swift her young large-visioned spirit
Voyaging through worlds of splendour and of calm.

દેહધારી જગદંબાનો પ્રભાવ
એના સ્વભાવનું સર્વ ઉધ્દાત્તતર જાતિનો
નિર્દેશ કરતું હતું.
પૃથ્વીની પૃથુતા કેરી નિકટે ને
સ્વર્ગ સાથે ગાઢ સંબંધ રાખતો,
ઉન્નત, ક્રુત, વિસ્તીર્ણ દષ્ટિવંતો આત્મા તરુણ એહનો,
યાત્રા કરંત પ્રોદીપ્ત ને પ્રશાંત ભુવનોની મહીં થઈ,
કરી પાર સરણીઓ વિચારની
ઊડી પ્હોંચી જતો જન્મી નથી તે વસ્તુઓ મહીં.

Overflew the ways of Thought to unborn things.
Ardent was her self-poised unstumbling will;
Her mind, a sea of white sincerity,
Passionate in flow, had not one turbid wave.
As in a mystic and dynamic dance
A priestess of immaculate ecstasies
Inspired and ruled from Truth’s revealing vault
Moves in some prophet cavern of the gods,
A heart of silence in the hands of joy
Inhabited with rich creative beats
A body like a parable of dawn
That seemed a niche for veiled divinity
Or golden temple-door to things beyond.
Immortal rhythms swayed in her time-born steps;
Her look, her smile awoke celestial sense
Even in earth-stuff, and their intense delight
Poured a supernal beauty on men’s lives.
A wide self-giving was her native act;
A magnanimity as of sea or sky
Enveloped with its greatness all that came
And gave a sense as of a greatened world:
Her kindly care was a sweet temperate sun,
Her high passion a blue heaven’s equipoise.

As might a soul fly like a hunted bird,
Escaping with tired wings from a world of storms,
And a quiet reach like a remembered breast,
In a haven of safety and splendid soft repose
One could drink life back in streams of honey-fire,
Recover the lost habit of happiness,
Feel her bright nature's glorious ambience,
And preen joy in her warmth and colour's rule.
A deep of compassion, a hushed sanctuary,
Her inward help unbarred a gate in heaven;
Love in her was wider than the universe,
The whole world could take refuge in her single heart.

Savitri : 14-15

આત્માસામ્યે રહેતો ને ન સ્ખલંતો હતો સંકલ્પ એહનો,
મન એનું હતું એક સિંધુ શુભ્ર સત્ય સરલ ભાવનો,
ભાવોદ્રેક ભર્યો વ્હેતો, એકે એમાં ઊર્મિ કલુષ ના હતી.
રહસ્યપૂર્ણ ને શક્તિ-ગતિયુક્ત જેમ કો એક નૃત્યમાં,
નિષ્કલંક મુદાઓની મૂર્તિ એવી કો પુજારણ, સત્યના
આવિષ્કારક ને ગેબી ગુંબજ મધ્યથી લઈ
પ્રેરણા ને પ્રશાસ્તિઓ,
ઈશ્વરાદેશ દેનારી દેવો કેરી ગુહામહીં કરે સંચાર પાયનો,
સાવિત્રીમાંય તે વિધે
હર્ષના હાથમાં હૈયું હતું નીરવતાતણું
નિવસેલું ઉષા જેવા સમુજ્જ્વલ શરીરમાં
સર્જનાત્મક સંપન્ન સતાલ ધબકો સહ
જે દેવાલયના જેવું લાગતું કો ઢાંકેલી દિવ્યતાતણું,
યા સ્વર્ણ - મંદિર - દ્વાર પાર કેરી વસ્તુઓ પ્રતિ ખૂલતું
કાળ-જન્મ્યા પદે એના છંદો અમર લે લયો;
દષ્ટિ ને સ્મિત એનાં ભૂ-લોક કેરાં
તત્ત્વોમાંયે સ્વર્ણ કેરાં સંવેદન જગાડતાં,
ને સાન્દ્ર એમની મુદા
સૌન્દર્ય રેલતી દિવ્ય માનવી જીવનો પરે.
સ્વાભાવિક હતું એને માટે કાર્ય ઉદાર આત્મદાનનું;
સમુદ્ર અથવા વ્યોમ સમી એની હતી મહાનુભાવતા,
આવનારાં બધાંને જે ઘેરી લેતી હતી માહાત્મ્યથી નિજ,

જે મહત્તરતા પામી ગયેલું કો જાણે જગત હોય ના
એવું ભાન કરાવતી;
એની કોમળ સંભાળ સમશીતોષ્ણ સૂર્યની,
હતી ગરજ સારતી,
ઉચ્ચ એનો ગાઢ ભાવ નીલમી નીલ વ્યોમની
ધારતો સમતોલતા.
શિકાર અર્થ શોધાતા પક્ષી પેઠે થાકેલી પાંખની પરે
આત્મા ઊડી જાય જેમ છટકીને તોફાનોના જગત થકી,
ને હૈયે યાદ આવેલા જઈને શાંતિ મેળવે,
તેમ જીવ સુરક્ષા ને તેજસ્વી મૃદતાભર્યા
સાવિત્રીના વિશ્રાંતિપ્રદ આશ્રયે
જઈને, મધુ-અગ્નિની
ધારાઓએ ફરી પાછું પ્રાણ-પાન કરી શકે,
ગુમાવેલી ટેવ પાછી સુખની મેળવી શકે,
અને એના સ્વભાવની
પ્રસન્નોજ્જ્વલતા-પૂર્ણ હવા કેરી અનુભૂતિ કરી શકે,
ને એની સ્નિગ્ધ ઉષ્મામાં અને રાજ્યે એના જીવનરંગના
હર્ષ-ફુલ્લ બની શકે.
અગાધ કરુણા કેરો, શબ્દહીન આશરો દેવધામનો
એવી અંતરની એની હૂંફ દ્વાર સ્વર્ગનું એક ખોલતી;
એની અંદરનો પ્રેમ વિશાળો વિશ્વથી હતો,
હૈયું એનું હતું એવું કે બ્રહ્માંડ
આખુંયે જે એક માંહે આશરો મેળવી શકે.

A magic leverage within us

A magic leverage suddenly is caught
That moves the veiled Ineffable's timeless will:
A prayer, a master act, a king idea
Can link man's strength to a transcendent Force.
Then miracle is made the common rule,
One mighty deed can change the course of things;
A lonely thought becomes omnipotent.
All now seems Nature's massed machinery;
An endless servitude to material rule
And long determination's rigid chain,

Her firm and changeless habits aping Law,
Her empire of unconscious deft device
Annul the claim of man's free human will.
He too is a machine amid machines;
A piston brain pumps out the shapes of thought,
A beating heart cuts out emotion's modes;
An insentient energy fabricates a soul.
Or the figure of the world reveals the signs
Of a tied Chance repeating her old steps
In circles around Matter's binding-posts.
A random series of inept events
To which reason lends illusive sense, is here,
Or the empiric Life's instinctive search,
Or a vast ignorant mind's colossal work.
But wisdom comes, and vision grows within:
Then Nature's instrument crowns himself her king;
He feels his witnessing self and conscious power;
His soul steps back and sees the Light supreme.
A Godhead stands behind the brute machine.

Savitri : 20-21

ચમત્કારી ઉચ્ચાલન આપણી અંદર રહેલું છે
ઓચિંતું કો ચમત્કારી ઉચ્ચાલન મળી જતું,
જે આચ્છન્ન અનિર્વાચ્ય
કેરો અકાળ સંકલ્પ ગતિમાન બનાવતું;
એકાદ પ્રાર્થના, શ્રેષ્ઠ ક્રિયા, રાજ-પ્રભાવી એક ભાવના
પારની શક્તિની સાથે માનવીના બળનો યોગ સાધતી,
ચમત્કાર બની જાય પછી નિયમ નિત્યનો,
વસ્તુના ક્રમને દેતું પલટાવી એક કૃત્ય મહાબલી;
સર્વશક્તિ બની જાય એકમાત્ર વિચાર કો
અત્યારે તો પ્રકૃતિનાં યંત્રો કેરા સમૂહ શું
સર્વ કાંઈ જણાય છે;
અંતરહિત દાસત્વ જડના નિયમોતણું,
અને નિર્માણની દીર્ઘ અને સુદઢ શૃંખલા,
નકલો નિયમોતણી,
એવી પ્રકૃતિની પાકી અને નાફેર આદતો,
ને તેનું રાજ્ય નિશ્ચેષ્ટ ચાલાક તદબીરનું

દાવો રદ કરે મુક્ત ઈચ્છાનો માનવીતણી.
યંત્રો મધ્યે મનુષ્યેય એક-યંત્રસ્વરૂપ છે;
બંબાના દંડની પેઠે મસ્તિષ્કે યે
બ્હાર ખેંચી કાઢે રૂપો વિચારનાં,
હૈયું ધડકતું કાપી કાઢે માર્ગ-પ્રકારો લાગણીતણાં,
શક્તિ નિશ્ચેતના એક કરે નિર્માણ જીવનું.
અથવા તો પદાર્થના
બંધ સ્તંભતણી આસપાસ ચક્કર મારતાં
પુરાણાં પગલાં બદ્ધ યદચ્છાનાં પુનરાવૃત્તિ પામતાં
હોય એવી નિશાનીઓ કરે ખુલ્લી સ્વરૂપ જગતીતણું
અયોગ્ય ઘટનાઓની આકસ્મિક પરંપરા
છે અહીં, બુદ્ધિ આપે છે માયાવી અર્થ જેહને,
કે સ્વયં પ્રેરિતા શોધ જિંદગીની પ્રયોગોમાં પ્રતિષ્ઠિતા,
યા ગંજાવર છે કામ વિરાટ અજ્ઞ ચિત્તનું
પ્રજ્ઞા પરંતુ આવે છે અને વૃદ્ધિ પામે છે દૃષ્ટિ અંતરે,
પછી પ્રકૃતિનું યંત્ર માનવી, તે રાજા એનો બની જતો,
સાક્ષી-સ્વરૂપ છે પોતે
ને ચિત્-શક્તિય છે તેની કરતો અનુભૂતિ એ;
આત્મા એનો ઉદાસીન જોતો પરમ જ્યોતિને.
જડસા યંત્રની પૂઠે સ્થિત છે એક દેવતા
ઘૂસીને સત્ય આ આવ્યું અગ્નિની વિજયી ગતે;
માનવીમાં વિરાજંતા પ્રભુ માટે લાભ વિજયનો થયો;
પ્રચ્છન્ન મુખ પોતાનું કર્યું પ્રકટ દૈવતે.
મહા માતા વિશ્વ કેરી સાવિત્રીની મહીં ઊભી હવે થઈ.

This bodily appearance is not all

This bodily appearance is not all;
The form deceives, the person is a mask;
Hid deep in man celestial powers can dwell.
His fragile ship conveys through the sea of years
An incognito of the Imperishable.
A spirit that is a flame of God abides,
A fiery portion of the Wonderful,
Artist of his own beauty and delight,
Immortal in our mortal poverty.

This sculptor of the forms of the Infinite,
This screened unrecognised Inhabitant,
Initiate of his own veiled mysteries,
Hides in a small dumb seed his cosmic thought.
In the mute strength of the occult Idea
Determining predestined shape and act,
Passenger from life to life, from scale to scale,
Changing his imaged self from form to form,
He regards the icon growing by his gaze
And in the worm foresees the coming god.
At last the traveller in the paths of Time
Arrives on the frontiers of eternity.
In the transient symbol of humanity draped,
He feels his substance of undying self
And loses his kinship to mortality.

Savitri : 22-23

આ શરીરરૂપ દેખાવ સર્વ કાંઈ નથી
શરીરરૂપ દેખાતું આ તે કંઈ બધું નથી.
રૂપ છેતરતું, છદ્મવેશ છે વ્યક્ત માનવી;
સ્વર્ગીય શક્તિઓ ગૂઢ ઊંડે રહેતી મનુષ્યમાં.
એની ભંગુર નૌકામાં કાલસાગરમાં થઈ
અવિનાશી કરે યાત્રા પ્રચ્છન્ન વેશને ધરી.
પ્રભુની જ્યોત છે એવો આત્મા એક વિરાજતો,
છે અગ્નિમય એ અંશ અદ્‌ભુતાત્મસ્વરૂપનો,
નિજ સુંદરતાનો ને નિજાનંદ કેરો એ શિલ્પકાર છે,
આપણા મર્ત્ય દારિદ્ર્યે રહેલો અમૃતાત્મ એ.
અનાદ્યંતતણા રૂપો રચતો શિલ્પકાર આ,
પટાંતરે રહેતો આ નિવાસી અણ-ઓળખ્યો,
દીક્ષાધારી છુપાયેલાં પોતાનાં જ રહસ્યનો,
મૂક ને તનુ કો બીજે ઢાંકી રાખે નિજ વૈશ્વ વિચારને.
નિગૂઢ ભાવના કેરું નિઃશબ્દ બલ ધારતો,
પૂર્વનિર્મિત આકાર અને કર્મ નિરૂપતો,
જિંદગીથી જિંદગીએ અને એક શ્રેણીથી અન્ય શ્રેણિએ
મુસાફરી કરી જાતો, એકથી અન્ય રૂપમાં
પ્રતિબિંબિત પોતાનું સ્વરૂપ બદલ્યે જતો,

નિજ મંડાયેલી મીટે વર્ધમાના મૂર્તિને એ નિહાળતો,
ને આગામી દેવકેરું કીટમાંહે પૂર્વદર્શન પામતો.
આખરે કાળના માર્ગો પર યાત્રા કરંત એ
સીમાઓએ શાશ્વતીની આવીને થાય છે ખડો.
ક્ષણભંગુર મનુષ્ય કેરા પ્રતીકરૂપના
વાઘાઓએ સજાયલો,
પોતાના અમરાત્માના તત્ત્વનો બોધ એ કરે
ને મર્ત્યભાવ સાથેની નાશ પામી જતી એની સગોત્રતા.

A long dim preparation

A long dim preparation is man's life,
A circle of toil and hope and war and peace
Tracked out by Life on Matter's obscure ground.
In his climb to a peak no feet have ever trod,
He seeks through a penumbra shot with flame
A veiled reality half-known, ever missed,
A search for something or someone never found,
Cult of an ideal never made real here,
An endless spiral of ascent and fall
Until at last is reached the giant point
Through which his Glory shines for whom we were made
And we break into the infinity of God.
Across our nature's border line we escape
Into Supernature's arc of living light.

Savitri : 24

અપ્રકાશમાં એક લાંબી તૈયારી

જિંદગી માનવીની છે લાંબી એક તૈયારી અપ્રકાશમાં,
શ્રમ, આશા, લડાઈ ને શાંતિ એવાં ચાલતાં ચક્કરો મહીં,
પાડે જીવન જ્યાં માર્ગ અંધકારો ભોમે જડ પદાર્થની,
ને જ્યાં થઈ ચડે છે એ
શિખરે જ્યાં કદી કોઈ પગલાંઓ પડયાં નથી;
જ્વાલાએ વિદ્ધ કો અર્ધ-છાયા મધ્ય થઈ એ પામવા મથે
અવગુંઠિત ને અર્ધ-વિજ્ઞાતા કો
સત્ય વસ્તુ હાથથી સરકી જતી,
કદાપિ પ્રાપ્ત ના થાય એવું કૈંક

કે એવા કોકને માટે એનું માર્ગણ ચાલતું,
હ્નાં કદી ન થઈ સિદ્ધ એવી આદર્શ સૃષ્ટિનો શોધતો સંપ્રદાય એ,
ચડ ને પડનાં પાર વિનાનાં ગૂંચળાં પરે
સર્પાકાર ગતિ એ કરતો જતો;
અને આ ચાલતું આમ જ્યાં સુધી એ
પ્હોંચાતો ના ભીમકાય ઉદગ્રમાં,
જેમાં થઈ પ્રકાશંતો મહિમા દિવ્ય એહનો,
મહિમા જેહને માટે થયા નિર્મિત આપણે;
ને જેમાં ગાબડું પાડી પ્રવેશતાં
આપણે અનંત્યમાં પરમાત્માના.
ભેદી પ્રકૃતિની સીમા આપણે છટકી જઈ
પરાપ્રકૃતિની જીવનજ્યોતિ કેરા વૃતખંડે પ્રવેશતા.

Soul's freedom from Ignorance

A vast unanimity ended life's debate.
The war of thoughts that fathers the universe,
The clash of forces struggling to prevail
In the tremendous shock that lights a star
As in the building of a grain of dust,
The grooves that turn their dumb ellipse in space
Ploughed by the seeking of the world's desire,
The long regurgitations of Time's flood,
The torment edging the dire force of lust
That wakes kinetic in earth's dullard slime
And carves a personality out of mud,
The sorrow by which Nature's hunger is fed,
The oestrus which creates with fire of pain,
The fate that punishes virtue with defeat,
The tragedy that destroys long happiness,
The weeping of Love, the quarrel of the Gods,
Ceased in a truth which lives in its own light.
His soul stood free, a witness and a king.

Savitri : 32-33

અજ્ઞાનથી આત્માની મુક્તિ

વિરાટ સામ્ય-સારસ્યે આણ્યો અંત જિંદગીના વિવાદનો.
ઘમસાણો વિચારોનાં વિશ્વને જન્મ આપતાં,
ધૂળના કણની થાય રચના તે મહીં તથા

તારકો સળગાવંતા ઘોર સંઘટ્ટકાર્યમાં
મથતાં ફાવવા માટે બળોની અથડામણો,
ઢૂંઢતી જગની ઇચ્છા ખેડીને ચાસ પાડતી
તેમની રેખના ચીલ લંબગોળ રૂપે વ્યોમે વિવર્તતા,
કાળના પૂરના લાંબા રેલાઓ ઊલટી દિશે,
પૃથ્વીના મંદ ગારામાં ક્રિયોત્પાદક જાગતી
ને કીચડ થકી કોરી કાઢતી રૂપ વ્યક્તિનું
તે દેહવાસના કેરી ભયપ્રેરક શક્તિની ધારે રે'તી રિબામણી,
શોક પ્રકૃતિકેરી જે ભૂખને ભક્ષ્ય અર્પતો,
દુઃખના દાહથી સર્જે તે તીવ્રાવેગ-કામના,
પરાજય વડે દંડે પુણ્યને તકદીર તે,
કારમો કેર સંહારે સુખ જે દીર્ઘ કાળનું,
વિલાપ પ્રેમકેરો ને કજિયો દેવલોકનો,-
નિજ જ્યોતિમહીં રે'તા સત્યમાંહ્ય આ સર્વેય શમી ગયાં.
આત્મા એનો મુક્ત ઊભો સાક્ષી ને રાજવી બની.

The supreme Diplomat

Only awhile at first these heavenlier states,
These large wide-poised upliftings could endure.
The high and luminous tension breaks too soon,
The body's stone stillness and the life's hushed trance,
The breathless might and calm of silent mind;
Or slowly they fail as sets a golden day.
The restless nether members tire of peace;
A nostalgia of old little works and joys,
A need to call back small familiar selves,
To tread the accustomed and inferior way,
The need to rest in a natural pose of fall,
As a child who learns to walk can walk not long,
Replace the titan will for ever to climb,
On the heart's altar dim the sacred fire.
An old pull of subconscious cords renews;
It draws the unwilling spirit from the heights,
Or a dull gravitation drags us down
To the blind driven inertia of our base.
This too the supreme Diplomat can use,
He makes our fall a means for greater rise.

Savitri : 34

પરમ મુત્સદી

દિવ્યતર દશાઓ આ
ને આ વિશાળતા યુક્ત બૃહત્ સમતુલાભર્યાં
ઊર્ધ્વારોહણ આરંભે માત્ર અલ્પ કાળ માટે ટકી શકે.
શિલા શી સ્થિરતા દેહે, ને સમાધિ પ્રાણની ચૂપકી ભરી,
મહાબલ નિરુચ્છ્વાસ, અને મૌન મનની શાંતિની સ્થિતિ,–
એમને ઉચ્ચ ઊજળી
અવસ્થા તંગ નાખે છે તોડી વાર કર્યા વિના,
યા ધીરે અસ્ત પામતા
સુવર્ણ દિનની પેઠે વિલીન થઈ જાય એ.
ચંચળ નિમ્નના ભાગો શ્રાન્ત શાંતિથકી થતા;
જૂની નાચીજ ચેષ્ટાઓ ને ચેનો કાજ ઝૂરવું,
અગત્ય અલ્પ ને જૂની જેથી ટેવાયેલા છીએ
તે આપણાં સ્વરૂપોને પાછાં બોલાવવાતણી,
અભ્યસ્ત ભૂમિના નીચા માર્ગ ઉપર ચાલવું,
ચાલતાં શીખતું બાળ ઝાઝી વાર ચાલી ના શકતું, તથા
સ્વાભાવિક નિપાતની
અવસ્થામાં જ આરામ લેવાકેરી જરૂરત,
આ સૌ લે સ્થાન ઊર્ધ્વોર્ધ્વે ચડવાને જ માગતા
જંગી સંકલ્પકેરું, ને હૈયાની વેદિ માંહ્યના
પવિત્ર અગ્નિની જ્વાલાપ્રભા મંદ બનાવતાં.
અવચેતનના દોર જૂનું તાણ નવું કરે;
ઇચ્છાવિરુદ્ધ આત્માને ખેંચે એ શિખરોથકી,
તામસી તાણ ખેંચીને આણે આપણને અધઃ
આંધળી પ્રેરણાકેરી મૂળની સ્થિતિની પ્રતિ.
મુત્સદી સર્વથી મોટો એ આનેયે લઈ લે ઉપયોગમાં,
આપણા ભ્રંશ દ્વારા એ વધુ ઊંચે ચઢાવતો.

The chosen human vessel
In the unfolding process of the Self
Sometimes the inexpressible Mystery
Elects a human vessel of descent.
A breath comes down from a supernal air,
A Presence is born, a guiding Light awakes,

A stillness falls upon the instruments:
Fixed, motionless like a marble monument,
Stone-calm, the body is a pedestal
Supporting a figure of eternal Peace.
Or a revealing Force sweeps blazing in;
Out of some vast superior continent
Knowledge breaks through trailing its radiant seas,
And Nature trembles with the power, the flame.
A greater Personality sometimes
Possesses us which yet we know is ours:
Or we adore the Master of our souls.
Then the small bodily ego thins and falls;
No more insisting on its separate self,
Losing the punctilio of its separate birth,
It leaves us one with Nature and with God.
In moments when the inner lamps are lit
And the life's cherished guests are left outside,
Our spirit sits alone and speaks to its gulfs.
A wider consciousness opens then its doors;
Invading from spiritual silences
A ray of the timeless Glory stoops awhile
To commune with our seized illumined clay
And leaves its huge white stamp upon our lives.

Savitri : 47-48

પસંદ કરાયેલું માનવપાત્ર

આત્મોક્રાંતિતણી ચાલી રહેલી પ્રક્રિયામહીં
કોઈ વાર અનિર્વાચ્ય રહસ્યમયતા કરે
પસંદ માનવાધાર ઊતરી આવવા અહીં.
ઊર્ધ્વકરી હવામાંથી આવે નીચે ઉચ્છ્‌વાસ એક ઊતરી,
સાન્નિધ્ય ઊંચકાઈને આવે એક,
જ્યોતિ એક થાય જાગ્રત દોરતી,
એક નિઃસ્પંદતા વ્યાપી જતી સૌ કરણો પરેઃ
કોઈ કોઈ સમે પાકે પાયે આરસ શિલ્પ શો
પાષાણ-સ્થિરતા ધારી બને છે દેહ બેસણી,
શાશ્વતી શાંતિની મૂર્તિ થતી સ્થાપિત જે પરે.
ભભૂકતી પ્રવેશે છે શક્તિ એક આવિષ્કરણ લાવતી.
વિરાટ કોક ઊંચેના મહાભુવનખંડથી

ભીતરે ધૂસતું જ્ઞાન
પૂઠે ખેંચી ભાસમાન સમુદ્રો નિજ લાવતું,
ને એ શક્તિ તથા જ્યોતે થતી પ્રકૃતિ કંપિતા.
કોઈ વાર લે આપણો કબજો કો દિવ્ય વ્યક્તિ મહત્તરા,
ને તે છતાંય જાણીએ આપણે કે એ વ્યક્તિ આપણી જ છેઃ
આત્માઓનો આપણા યા અર્ચીએ નાથ આપણે.
પછી આછું થઈ તૂટી પડે ક્ષુદ્ર દેહાભિમાન આપણું;
પોતે છે ભિન્ન કૈં એવો તજી આગ્રહ સર્વથા,
જુદા જન્મતણો મૂઢ આચાર પાળવો તજી,
સૃષ્ટિ ને ઈશની સાથે ઐક્યમાં એ રાખી આપણને જતું.
અંતર્દીપો જળાવેલા હોય, ને જિંદગીતણા
માનીતા બ્હાર રાખેલા હોય મ્હેમાન, તે સમે
એકાકી આપણો આત્મા બેસી વાતો
કરે પોતાતણાં ગૂઢ અગાધ શું.
તે વાર કરતી ખુલ્લાં નિજ દ્વારો વિશાળતર ચેતના;
અકાળ મહિમાકેરું રશ્મિ એક ઊતરી ક્ષણ આવતું,
આપણી બંદિ ને દીપ્ત માટી સાથે અનુસંધાન સાધતું,
આપણા જીવનો પરે
મહાકાય જતું મારી પોતાની શુભ્ર છાપ એ.

Man, still a child

The outward and the immediate are our field,
The dead past is our background and support;
Mind keeps the soul prisoner, we are slaves to our acts;
We cannot free our gaze to reach wisdom's sun.
Inheritor of the brief animal mind,
Man, still a child in Nature's mighty hands,
In the succession of the moments lives;
To a changing present is his narrow right;
His memory stares back at a phantom past,
The future flees before him as he moves;
He sees imagined garments, not a face.
Armed with a limited precarious strength,
He saves his fruits of work from adverse chance.
A struggling ignorance is his wisdom's mate:
He waits to see the consequence of his acts,

He waits to weigh the certitude of his thoughts,
He knows not what he shall achieve or when;
He knows not whether at last he shall survive,
Or end like the mastodon and the sloth
And perish from the earth where he was king.
He is ignorant of the meaning of his life,
He is ignorant of his high and splendid fate.

Savitri : 53

માનવી હજુ બાળક

આપણું ક્ષેત્ર છે બાહ્ય ને તાત્કાલિક જેહ તે,
મૃત ભૂત બનેલો છે પૃષ્ઠભૂમિ અને આલંબ આપણો;
આત્મા છે મનનો બંદિ, આપણા કર્મના બની
રહીએ દાસ આપણેઃ
કરી ન શકતા દૃષ્ટિ મુક્ત જોવા માટે પ્રજ્ઞાન-સૂર્યને.
પશુ-માનસ જે અલ્પ કાળનું તે તણો વારસ માનવી,
હજુ બાળક ઓજસ્વી હસ્તે પ્રકૃતિ માતના,
પરંપરા પળોકેરી, તેમાં જીવન ધારતો;
બદલાતા વર્તમાન પર એનો અલ્પ શો અધિકાર છે;
સ્મૃતિ એની રહે તાકી ભૂત શા ભૂતની પ્રતિ,
ભાગે ભવિષ્ય એનાથી, ગતિ એની જેમ જેમ થતી જતી;
કલ્પેલાં કપડાં જોતો, મુખ એ ન નિહાળતો.
સજજ સીમિત સંદિગ્ધ બળથી એ બચાવતો
વિરોધી દૈવથી પોતે રળેલાં ફળ કર્મનાં.
સાથી એની પ્રાજ્ઞતાનો છે અજ્ઞાન મથામણ કર્યે જતું.
પરિણામ સ્વકૃત્યોનું જોવાને એહ થોભતો,
નિશ્ચય સ્વવિચારોનો કરી જોવા પ્રતીક્ષતો,
પોતે શું કરશે પ્રાપ્ત ને ક્યારે તે ન જાણતો,
જાણતો નહિ અંતે એ રહેશે કે નહીં પાછળ જીવતો,
કે પૂર્વકાલના હાથી કે ભલ્લૂક સમ એ નાશ પામશે
પૃથ્વી ઉપરથી, પોતે છે રાજા રાજમાન જ્યાં.
પોતાના જીવનોદ્દેશકેરું ભાન ન એહને,
પોતાના ઉચ્ચ ને ભવ્ય ભાગ્યને એ ન જાણતો.

God shall grow up

Thus will the masked Transcendent mount his throne.
When darkness deepens strangling the earth's breast
And man's corporeal mind is the only lamp,
As a thief's in the night shall be the covert tread
Of one who steps unseen into his house.
A Voice ill-heard shall speak, the soul obey,
A Power into mind's inner chamber steal,
A charm and sweetness open life's closed doors
And beauty conquer the resisting world,
The Truth-Light capture Nature by surprise,
A stealth of God compel the heart to bliss
And earth grow unexpectedly divine.
In Matter shall be lit the spirit's glow,
In body and body kindled the sacred birth;
Night shall awake to the anthem of the stars,
The days become a happy pilgrim march,
Our will a force of the Eternal's power,
And thought the rays of a spiritual sun.
A few shall see what none yet understands;
God shall grow up while the wise men talk and sleep;
For man shall not know the coming till its hour
And belief shall be not till the work is done.

Savitri : 55

The vast majority of humanity is unconscious (what I call unconscious, that is, without contact with the Consciousness, not CONSCIOUSLY in contact with consciousness), the vast majority; but for one who is capable of being above circumstances with a clear and precise vision of the why and the how… it's wonderful.

There It's what Sri Aurobindo wrote in Savitri: God grows up on earth–God grows–but man… (laughing), the wise man talks and sleeps… and no one will notice it till the work is over. (Savitri, I.IV) That's how it is. And he knew it.

The Mother : Conversation with a Disciple, May 3, 1969

પ્રભુ વૃદ્ધિગંત થશે

છદ્મવેશે છુપાયેલો પરમેશ પરાત્પર
થશે આરૂઢ આ રીતે સ્વસિંહાસનની પરે.
અંધારું ગાઢતા ધારે પૃથ્વીકેરા હૈયાને ગૂંગાળવતું,
દીપ રૂપે હોય માત્ર સ્થૂલ મન મનુષ્યનું,

તે વેળા રાતના ચોર જેમ સંતાઈ ચાલતો
એના ઘરમહીં એક અણદીઠ પ્રવેશશે.
સ્વલ્પ સુણાય એવો કો અવાજ એક બોલશે
               અને આત્મા એને આધીન વર્તશે,
મનના અંતરાવાસે ચુપકીથી શક્તિ એક પ્રવેશશે,
દ્વારો જીવનનાં બંધ મોહિની ને એક માધુર્ય ખોલશે,
જીતી સુંદરતા લેશે જગ વાંધો ઉઠાવતું,
ઓચિંતી કબજે લેશે સૃષ્ટિને જ્યોતિ સત્વની,
પ્રભુ છૂપો પ્રવેશીને
બલાત્કારે મહાનંદ લેતું હૈયું બનાવશે,
ને પૃથ્વી અણધારેલી રીતે દિવ્ય બની જશે.
પેટાવશે અચિત્-તત્ત્વે બ્રહ્મજ્યોતિ, દેહમાં, બસ દેહમાં
પ્રાદુર્ભાવ પામવાની પવિત્ર જન્મની ક્રિયા,
પ્રબુદ્ધ બનશે રાત્રી તારાઓના સ્તોત્રસંગીતની પ્રતિ,
સુખે સંપન્ન યાત્રાનું દિવસો રૂપ ધારશે,
સનાતનતણી શક્તિતણો અંશ થશે સંકલ્પ આપણો,
વિચાર આપણો જાશે બની રશ્મિ અધ્યાત્મ-સૂર્યમાળનું.
કોઈ હજુ સુધી જેને સમજે ના તેને થોડાક દેખશે;
ડાહ્યાઓ કરતા વાતો કે સૂતા જે સમે હશે
તે દરમ્યાનમાં દેવ વૃદ્ધિંગત થતો હશે;
કેમ કે ન ઘડી એની હશે આવેલ ત્યાં સુધી
ઉપસ્થિતિતણું જ્ઞાન માનવીને થશે નહીં,
ન કાર્ય પડશે પાર ત્યાં સુધી ના એમાં વિશ્વાસ બેસશે.

*

માનવજાતિનો મોટો ભાગ અભાન છે. (હું જેને અભાનતા કહું છું તે, ચેતના સાથે સંપર્ક ન હોવો તે, ચેતના સાથે **સભાનપણે** સંપર્કમાં ન હોવું તે.) મોટો ભાગ માનવજાતિનો આમ અભાન હોય છે. પણ જે વ્યક્તિ પાસે એવી ક્ષમતા હોય, 'શા માટે?' તથા 'કેવી રીતે' વિશેનું સ્પષ્ટ દર્શન હોય અને એ દર્શન સહિત સંજોગોથી ઉપર ઊઠવાની એની અંદર ક્ષમતા હોય...... એ અદ્‌ભુત છે !
ત્યાં, 'સાવિત્રી'માં શ્રી અરવિન્દ આ જ વસ્તુ લખી જણાવે છે : પ્રભુ વૃદ્ધિંગત થાય છે, પણ મનુષ્ય (શ્રી માતાજી હસે છે) શાણા લોકો વાતો કરતા રહે છે, ઊંઘતા રહે છે. અને જ્યાં સુધી કાર્ય સંપન્ન થશે નહિ ત્યાં સુધી કોઈના ધ્યાનમાં એ આવવાનું નથી. તો પરિસ્થિતિ આમ છે, શ્રી અરવિન્દ એ જાણતા હતા.

(The Mother : Conversation with a disciple, May 3, 1969)

The outstretched Hand
Alive in a dead rotating universe
We whirl not here upon a casual globe
Abandoned to a task beyond our force;
Even through the tangled anarchy called Fate
And through the bitterness of death and fall
An outstretched Hand is felt upon our lives.
It is near us in unnumbered bodies and births;
In its unslackening grasp it keeps for us safe
The one inevitable supreme result
No will can take away and no doom change,
The crown of conscious Immortality,
The godhead promised to our struggling souls
When first man's heart dared death and suffered life.
One who has shaped this world is ever its lord:
Our errors are his steps upon the way;
He works through the fierce vicissitudes of our lives,
He works through the hard breath of battle and toil,
He works through our sins and sorrows and our tears,
His knowledge overrules our nescience;
Whatever the appearance we must bear,
Whatever our strong ills and present fate,
When nothing we can see but drift and bale,
A mighty Guidance leads us still through all.
After we have served this great divided world
God's bliss and oneness are our inborn right.
A date is fixed in the calendar of the Unknown,
An anniversary of the Birth sublime:
Our soul shall justify its chequered walk,
All will come near that now is naught or far.

Savitri : 59

પ્રસારેલો હસ્ત
હ્યાં આકસ્મિક ભૂ-ગોળે ઘૂમાતાં ન આપણે,
ગુંજાશ બ્હારનું કાર્ય કરવાને તજાયલા;
'ભાગ્ય' નામે ઓળખાતી ગૂંચોવાળી અંધાધૂંધીમહીં થઈ,
મૃત્યુ ને પતનોકેરી કડવાશમહીં થઈ
પ્રસારેલો હસ્ત એક આપણાં જીવનો પરે
છે એવું ભાન જાગતું,

આપણી નિકટે છે એ અસંખ્યાત દેહો ને જન્મનીમહીં;
નિશ્ચલ પકડે એની એ સલામત સાચવે
આપણે કાજ સર્વોચ્ચ પરિણામ અનિવાર્ય નિમાયલું,
ન જેને કોઈ સંકલ્પ લઈ લેવા સમર્થ છે,
કે વિનાશક નિર્માણ કોઈ ના પલટાવવા,
ને જે મુકુટ છે ઉચ્ચ સચેતન અમૃતત્વનો,
માનવી હૃદયે પ્હેલવ્હેલી જ્યારે
મૃત્યુ સામે હામ ભીડી ને લીધી જિંદગી સહી
તે વેળા મથને મંડ્યા આત્માઓને
                    પ્રતિજ્ઞાત થયેલું દેવરૂપ એ.
જે એકે વિશ્વ આ સર્જ્યું તે એનો નાથ નિત્યનોઃ
આપણાં સ્ખલનો એનાં પગલાં પંથની પરે;
આપણાં જીવનોમાં જે પલટા ઘોર આવતા
                    તે મધ્યે કાર્ય એ કરે,
યુદ્ધ ને શ્રમના ભારે શ્વાસોચ્છ્વાસો મધ્યે યે કાર્ય એ કરે,
આપણાં પાપ, દુઃખો ને અશ્રુઓની મધ્યે યે કાર્ય એ કરે,
એનું જ્ઞાન કરી દેતું રદ અજ્ઞાન આપણું;
પડે આપણને જે જે આભાસી રૂપ ધારવાં,
દુર્ભાગ્યો દૃઢ ને દૈવ ગમે તેવું હો ભલે વર્તમાનમાં,
તણાવો ને કલેશ છોડી બીજું કાંઈ
          આપણે ના જોવા સમર્થ હોઈએ,
તે છતાં એ બધા મધ્ય થઈ આપણને જતું
          દોરી એક મહાન માર્ગદર્શન.
આ વિશાળા ને વિભક્ત વિશ્વકેરી સેવા પૂરી કર્યા પછી
પ્રભુનો પરમાનંદ ને છે ઐકય હકે સહજ આપણાં.
પંચાંગે તિથિ છે એક નક્કી અજ્ઞાતરૂપના,
વર્ષગાંઠ નિમાઈ છે પરમશ્રેષ્ઠ જન્મનીઃ
તડકી-છાંયડીમાંથી પોતે જે ગતિ છે કરી
          તેને આત્મા વાજબી બતલાવશે,
અત્યારે જે નથી યા છે દૂર તે સૌ
          સમીપસ્થ બની જશે.

The Two who are one

He is the Maker and the world he made,
He is the vision and he is the Seer;
He is himself the actor and the act,
He is himself the knower and the known,
He is himself the dreamer and the dream.
There are Two who are One and play in many worlds;
In Knowledge and Ignorance they have spoken and met
And light and darkness are their eyes' interchange;
Our pleasure and pain are their wrestle and embrace,
Our deeds, our hopes are intimate to their tale;
They are married secretly in our thought and life.
The universe is an endless masquerade:
For nothing here is utterly what it seems;
It is a dream-fact vision of a truth
Which but for the dream would not be wholly true,
A phenomenon stands out significant
Against dim backgrounds of eternity;
We accept its face and pass by all it means;
A part is seen, we take it for the whole.
Thus have they made their play with us for roles:
Author and actor with himself as scene,
He moves there as the Soul, as Nature she.

Savitri : 61

બે જે એક છે

છે એ સ્રષ્ટા અને સૃષ્ટિ પોતે જેને રચેલ તે,
છે એ દર્શન ને દ્રષ્ટા પણ પોતે; નટ ને નાટકે સ્વયં,
છે એ પોતે જ જ્ઞાતા ને પોતે જ જ્ઞાત વસ્તુયે,
સ્વપ્નનો સેવનારો છે એ પોતે ને સ્વપ્ન સેવાયલુંય એ.
છે એવાં બે એક છે જે, ને કરે છે લીલા જે બહુ લોકમાં;
વિદ્યામાં ને અવિદ્યામાં વાતચીત
કરી છે એમણે ને એ મળ્યાં છે એકમેકને,
એમની દૃષ્ટિઓકેરી આપ-લે જે છે તે જ્યોતિ અને તમઃ
આપણાં સુખદુઃખો છે મલ્લયુદ્ધ અને આશ્લેષ એમનો,
આપણી કરણીઓ ને આશાઓ છે
એમની ગોઠડી સાથે ગાઢ સંબંધ રાખતી;
ગુપ્ત છે પરણેલાં એ વિચારે ને જીવને બેય આપણા.

છે વિશ્વ છળ-વેશોની અંતહીન પરંપરાઃ
કેમ કે થાય છે દૃશ્ય અહીં આભાસરૂપ જે તે તેવું સર્વથા નથી,
છે એ કો એક સત્યનું
સ્વપ્નમાં જ ખરું લાગે એવું થયેલ દર્શન,
ને જે લાગત ના સાચું પૂરેપૂરું સ્વપ્ન જો નવ હોત તો,
ઝાંખી ઝાંખી શાશ્વતીની પૃષ્ઠ-ભૂને સમાશ્રયે
પ્રપંચ એક આવે છે તરી આગે અર્થસૂચનથી ભર્યો;
સ્વીકારી લઈને એના બાહ્ય દેખાવમાત્રને
જે સૌ ભાવાર્થ છે એનો તેને જોયા વિના આપણ ચાલતા;
એક અંશ જ દેખાતો, અને તેને આખું આપણ માનતા.
આ રીતે છે રચી લીલા એમણે, ને
બનાવ્યા છે પાત્ર આપણને તહીંઃ
કર્તા પોતે, નટે પોતે, પોતે જ દૃશ્ય નાટયનું,
ચાલે ચિદાત્મ રૂપે એ ત્યાં, અને સ્રા બને પ્રકૃતિ તે મહીં.

His human portion

The Absolute, the Perfect, the Alone
Has called out of the Silence his mute Force
Where she lay in the featureless and formless hush
Guarding from Time by her immobile sleep
The ineffable puissance of his solitude.
The Absolute, the Perfect, the Alone
Has entered with his silence into space:
He has fashioned these countless persons of one self;
He has built a million figures of his power;
He lives in all, who lived in his Vast alone;
Space is himself and Time is only he.
The Absolute, the Perfect, the Immune,
One who is in us as our secret self,
Our mask of imperfection has assumed,
He has made this tenement of flesh his own,
His image in the human measure cast
That to his divine measure we might rise;
Then in a figure of divinity
The Maker shall recast us and impose
A plan of godhead on the mortal's mould
Lifting our finite minds to his infinite,
Touching the moment with eternity.

This transfiguration is earth's due to heaven:
A mutual debt binds man to the Supreme:
His nature we must put on as he put ours;
We are sons of God and must be even as he:
His human portion, we must grow divine.
Our life is a paradox with God for key.

Savitri : 67

એમનો માનવઅંશ

કેવલાત્મા, પૂર્ણરૂપ, એક ને અદ્વિતીય એ
પોતાના મૌનની સાથે પ્રવેશ્યો છે દિગંતરેઃ
અસંખ્ય પુરુષો રૂપે એકાત્માની એણે છે રચના કરી;
પોતાની બૃહતીમાં જે એકલો જ રહેલ તે
રહે છે સર્વની મહીં;
એ પોતે જ દિશા છે ને પોતે જ કાળ છે વળી.
કેવલાત્મા, પૂર્ણરૂપ, સર્વનિર્મુક્ત સર્વદા,
જે એક આપણામાં છે ગુપ્તાત્મારૂપ આપણા
છદ્મવેશ બનાવીને આપણી છે ધારી જેણે અપૂર્ણતા,
આ માટીનો દેહ એણે ગેહ રૂપ કરેલ છે,
માનુષી માપમાં એણે ઢાળી છે નિજ મૂર્તિને,
જેથી એનું દિવ્ય માપ આરોહીને કરીએ પ્રાપ્ત આપણે;
પછીથી દિવ્યતાકેરે રૂપે સ્રષ્ટા ઢાળી આપણને ફરી
આપણા માનસો સાન્ત અનંતે ઊર્ધ્વ ઊંચકી,
ક્ષણને શાશ્વતીકેરો સ્પર્શ સમર્પશે, અને
મર્ત્યના દેહ પે દેવરૂપકેરી યોજના એક લાદશે.
આ રૂપાંતર પૃથ્વીએ વાળવાનું દેવું છે સ્વર્ગલોકનુંઃ
એકબીજાતણું દેણ અમરાત્મા સાથે બાંધે મનુષ્યનેઃ
સ્વભાવ આપણો જેમ એણે, તેમ
આપણે યે ધારવાનો રહ્યો એના સ્વભાવને;
આપણે પ્રભુના પુત્રો છીએ ને છે
આપણે યે થવાનું પ્રભુના સમાઃ
આપણે માનવી અંશો છીએ એના,
અને એના જેવું દિવ્ય થવાનું આપણેય છે.
વિરોધાભાસ રૂપી છે જિંદગી આપણી અને
છે ચાવી રૂપ ત્યાં પ્રભુ.

Her play is real

There is a truth to know, a work to do;
Her play is real; a Mystery he fulfils:
There is a plan in the Mother's deep world-whim,
A purpose in her vast and random game.
This ever she meant since the first dawn of life,
This constant will she covered with her sport,
To evoke a Person in the impersonal Void,
With the Truth-Light strike earth's massive roots of trance,
Wake a dumb self in the inconscient depths
And raise a lost Power from its python sleep
That the eyes of the Timeless might look out from Time
And the world manifest the unveiled Divine.

Savitri : 73

પ્રકૃતિની લીલા સત્ય છે

જ્ઞાતવ્ય સત્ય છે એક, કર્તવ્ય એક કર્મ છે;
લીલા પ્રકૃતિની સત્યા; એનો સાથી
ગૂઢ એક કાર્યને પાર પાડતોઃ
છે એક યોજના માના વિશ્વવર્તી ગૂઢ ચિત્ર-તરંગમાં,
ઉદ્દેશ એક છે એની વિશ્વવ્યાપી
અકસ્માત જેવી રમતની મહીં.
હમેમાં જ હતી તેની ભાવના આ
જિંદગીનો પહેલો પો ફાટયો તેહ સમાથકી,
નિજ ખેલનથી ઢાંકી રાખતી તે આ અખંડિત કામના,
કે શૂન્યે વ્યક્તિતાશૂન્ય વ્યક્તિભાવ જગાડવો,
જંગી જડલયે જામ્યાં મૂળ જે જગતીતણાં
પ્રહાર કરવો તેની ઉપરે સત્ય-જ્યોતિનો,
અચેત ગહનોમધ્યે મૂકાત્માને પ્રબોધવો,
ને લુપ્ત શક્તિને એની નિદ્રામાંથી ભુજંગિની
ઊર્ધ્વ દેશે ચડાવવી,
જેને લીધે કાળમાંથી કરે દૃષ્ટિ આંખડીઓ અકાળની,
અને આચ્છાદનોમાંથી આવિર્ભાવ પ્રભુકેરા કરે જગત્.

*

To live this Mystery

A Mystery's process is the universe.
At first was laid a strange anomalous base,
A void, a cipher of some secret Whole,
Where zero held infinity in its sum
And All and Nothing were a single term,
An eternal negative, a matrix Nought:
Into its forms the Child is ever born
Who lives for ever in the vasts of God.
A slow reversal's movement then took place:
A gas belched out from some invisible Fire,
Of its dense rings were formed these million stars;
Upon earth's new-born soil God's tread was heard.
Across the thick smoke of earth's ignorance
A Mind began to see and look at forms
And groped for knowledge in the nescient Night:
Caught in a blind stone-grip Force worked its plan
And made in sleep this huge mechanical world,
That Matter might grow conscious of its soul
And like a busy midwife the life-power
Deliver the zero carrier of the All.
Because eternal eyes turned on earth's gulfs
The lucent clarity of a pure regard
And saw a shadow of the Unknowable
Mirrored in the Inconscient's boundless sleep,
Creation's search for self began its stir.
A spirit dreamed in the crude cosmic whirl,
Mind flowed unknowing in the sap of life
And Matter's breasts suckled the divine Idea.
A miracle of the Absolute was born;
Infinity put on a finite soul,
All ocean lived within a wandering drop,
A time-made body housed the Illimitable.
To live this Mystery out our souls came here.

Savitri:100-101

જીવવા આ રહસ્યમયતા

છે વિશ્વ પ્રક્રિયા એક રહસ્યમયતાતણી.
આરંભે એક નંખાયો અસામાન્ય પાયો ચિત્રવિચિત્ર કૈ,
પોલ એક, એક મીડું ગુપ્ત કોક અખંડનું

'ખ' જેમાં ધારતું અને સરવાળે અનંતતા
ને જેમાં સર્વ ને શૂન્ય ધારતાં એક નામને,
'નાસ્તિ' નિત્યતણું એક, યો નિરૂપ નકિંચનઃ
એનાં રૂપોમહીં નિત્ય જન્મ પામ્યા કરે શિશુ,
વિભુકેરાં વિરાટોમાં વે છે સર્વકાળ જે.
પ્રત્યાવર્તનની ધીરી ગતિકેરો થયો આરંભ તે પછીઃ
થયો ઉદ્‌ગીર્ણ કો એક વાયુગોટો કોક અદૃશ્ય અગ્નિથી,
ઘન મંડલમાંથી એ વાયુના આ થયા કોટિક તારકો;
પૃથ્વીની નવ જન્મેલી જમીન પર ચાલતા
પ્રભુના પગલાંઓનો સંભળાયો પદધ્વનિ.
મને કરી શરૂઆત જોવાની ને દૃષ્ટિ રૂપો પરે કરી,
અજ્ઞાન રાત્રિની મધ્યે જ્ઞાન માટે આંધળી શોધ આદરીઃ
પાષાની પકડે અંધ ગ્રસાયેલી શક્તિએ સ્વીય યોજના
પર કાર્ય શરૂ કર્યું
ને નિદ્રામાં બનાવ્યું આ ભીમકાર્ય જગ યાંત્રિકતાતણું
કે જેથી નિજ આત્માનું ભાન થાય જડભાવી પદાર્થને,
ને વ્યગ્ર સૂતિકા જેમ પ્રાણશક્તિ સર્વનું ધારનાર જે
શૂન્ય તેની સાધે પ્રસવની ક્રિયા.
પૃથ્વીનાં ગહનો પ્રત્યે વાળી શાશ્વત લોચને
પ્રભા પ્રસાદથી પૂર્ણ વિશુદ્ધ નિજ દૃષ્ટિની
અને અચિત્‌તણી પાર વિનાની નીંદની મહીં
છાયા અજ્ઞેયની જોઈ થયેલી પ્રતિબિંબિતા,
તેથી સૃષ્ટિતણી આત્મશોધ માટે હિલચાલ શરૂ થઈ.
સંસ્કારરહિતા વિશ્વઘુમરીમાં
આત્મા એક સ્વપ્નાંઓ સેવતો થયો,
જીવન-રસમાં આવ્યું મન વ્હેતું ન જાણતું,
જડદ્રવ્ય દિવ્ય ભાવકલ્પનાને લાગ્યું હૈયે ધવાડવા.
કેવલબ્રહ્મસત્તાની જન્મી એક ચમત્કૃતિ,
સાન્ત જીવતણું રૂપ ધારી લેતી અનંતતા,
વસ્યો આખો મહાસિન્ધુ ઘૂમતા એક બિન્દુમાં,
બન્યું અસીમનું ધામ કાળ-નિર્મ્યું કલેવર.
આવ્યા છે આપણા આત્મા જીવવા આ રહસ્યમયતા અહીં.

Commerce of a secret Power

Our conscious movements have sealed origins
But with those shadowy seats no converse hold;
No understanding binds our comrade parts;
Our acts emerge from a crypt our minds ignore.
Our deepest depths are ignorant of themselves;
Even our body is a mystery shop;
As our earth's roots lurk screened below our earth,
So lie unseen our roots of mind and life.
Our springs are kept close hid beneath, within;
Our souls are moved by powers behind the wall.
In the subterranean reaches of the spirit
A puissance acts and recks not what it means;
Using unthinking monitors and scribes,
It is the cause of what we think and feel.
The troglodytes of the subconscious Mind,
Ill-trained slow stammering interpreters
Only of their small task's routine aware
And busy with the record in our cells,
Concealed in the subliminal secrecies
Mid an obscure occult machinery,
Capture the mystic Morse whose measured lilt
Transmits the messages of the cosmic Force.
A whisper falls into life's inner ear
And echoes from the dun subconscient caves,
Speech leaps, thought quivers, the heart vibrates, the will
Answers and tissue and nerve obey the call.
Our lives translate these subtle intimacies;
All is the commerce of a secret Power.

Savitri:161-62

છૂપી રહેલ શક્તિનો વ્યાપાર

સચેત આપણી ચાલોકેરાં મૂળ સીલબંધ રહેલ છે,
કિંતુ છાયાળ તે સ્થાનો સાથે તેઓ નથી સંલાપ સાધતાં;
આપણા બંધુભાવી જે ભાગો છે તેમનું ન કો
સમજૂતી અનુસંધાન સાધતી;
ઉપેક્ષા કરતાં જેની આપણાં મન તે ગુહા-
ગૃહમાંથી ઉદ્‌ભવે કર્મ આપણાં.
આપણાં ગૂઢમાં ગૂઢ ઊંડાણોને ભાન પોતાતણું નથી;

આપણો દેહ સુદ્ધાં યે ભેદી એક દુકાન છે;
આપણી પૃથિવીકેરાં મૂળ જેમ
પૃથિવીના તળોમાં છે પડદાએ છુપાયેલાં,
આપણા મનકેરાં ને જિંદગીનાં
મૂળ તેમ અદૃશ્ય રૂપ છે રહ્યાં.
નીચે ને ભીતરે ઉત્સો ગાઢ ઢાંકી છે રખાયેલ આપણા;
દીવાલ ઓથ આવેલાં બળો દ્વારા
આપણા ચૈત્ય આત્માઓનાં સંચાલન થાય છે.
સત્-તાનાં નિમ્ન ઊંડાણોમહીં એક શક્તિ કાર્ય કરી રહી
ને ન એના ઈરાદાઓતણીએ પરવા કરે;
વાપરી ન વિચારંતા વડાઓ, મુનશી તથા
આપણાં ચિંતનોનું ને લાગણીઓતણું કારણ એ બને.,
ગૂઢગુહાનિવાસીઓ અવચેતન ચિત્તના,
અર્ધદગ્ધ અને ધીરા, તીતડાતા વ્યાખ્યાતાઓ દુભાષિયા,
ભાન ખાલી રાખનારા ક્ષુદ્ર એવા પોતાના રૂઢ કાર્યનું
આપણા જીવકોષોમાં નોંધાતું જે તે કાર્યે જ રચ્યાપચ્યા,
ચેતના પૂઠના ગૂઢ પ્રદેશોમાં છુપાયલા
અંધકારે છવાયેલી ગુહ્ય યાંત્રિકતામહીં,
પકડી લે ગૂઢ સંકેતાક્ષરો એ, જેના લહેકતા લયે
પસાર થાય સંદેશા વિશ્વે કાર્ય કરી રહેલ શક્તિના.
એક મર્મર આવીને જિંદગીના આંતર શ્રવણે પડે,
રંગે રાખોડિયા છે જે ગુહાઓ અવચેતને,
તહીંથી તે પ્રતિધ્વનિત થાય છે,
વાણી છલંગતી, કંપમાન થાય વિચાર, ને
આંદોલે ઉર, સંકલ્પ આપે ઉત્તર એહને
શિરાજાળ, નસો-નાડી સાદને વશ વર્તતી.
આ સૂક્ષ્મ ગાઢ સંબંધો ઊતરે છે આપણાં જીવનો મહીં;
સર્વ વ્યાપાર છે એક છૂપી રહેલ શક્તિનો.

A thinking puppet

A thinking puppet is the mind of life:
Its choice is the work of elemental strengths
That know not their own birth and end and cause

And glimpse not the immense intent they serve.
In this nether life of man drab-hued and dull,
Yet filled with poignant small ignoble things,
The conscious Doll is pushed a hundred ways
And feels the push but not the hands that drive.
For none can see the masked ironic troupe
To whom our figure-selves are marionettes,
Our deeds unwitting movements in their grasp,
Our passionate strife an entertainment's scene.
Ignorant themselves of their own fount of strength
They play their part in the enormous whole.
Agents of darkness imitating light,
Spirits obscure and moving things obscure,
Unwillingly they serve a mightier Power.
Ananke's engines organising Chance,
Channels perverse of a stupendous Will,
Tools of the Unknown who use us as their tools,
Invested with power in Nature's nether state,
Into the actions mortals think their own
They bring the incoherencies of Fate,
Or make a doom of Time's slipshod caprice
And toss the lives of men from hand to hand
In an inconsequent and devious game.

Savitri:162

ચિંતન કરતું કઠપૂતળું

પ્રાણનું મન છે એક ચિંતતું કઠપૂતળું
એની પસંદગી કાર્ય છે નિસર્ગતત્ત્વકેરાં બળોતણું
જે બળોને નથી જ્ઞાન નિજ જન્મ,
નિજ ધ્યેય, નિજ કારણરૂપનું,
ને જે મહાન ઉદ્દેશતણી સેવા થાય છે તેમના વડે
તેની ઝાંખી ન જેમને.
આ પંકિલ અને જાડચે ભરી છે જે જિંદગી માનવીતણી
અવચેતન લોકની,
ને છતાં જે તીક્ષ્ણ, ક્ષુદ્ર, અનુદાત્ત વસ્તુઓએ ભરેલ છે,
ત્યાં સેંકડો દિશાઓએ ધકેલાતું એ સચેતન પૂતળું
ધક્કો અનુભવ છે, ના કિન્તુ હાથ હાંકી એને લઈ જતા.
કેમ કે જેમને માટે સ્વરૂપો બાહ્ય આપણાં

માત્ર છે કઠપૂતળાં,
તે છદ્મમુખ ધારંતી ને કરંતી વિડંબના
ટોળીઓને જોઈ કો શકતું નથી.
આપણાં કર્મ તેમના
હાથની પકડે રે'તી ક્રિયાઓ અણજાણ છે,
આવેશપૂર્ણ સંઘર્ષો આપણા છે તમાશા મન રંજતા.
પોતાના બળના મૂળતણું જ્ઞાન પોતાનેય ન તેમને,
રહ્યા એ ભજવી ભાગ પોતાકેરો અખિલે અતિમાત્રમાં.
અંધકારતણાં કાર્યસાધનો એ છતાં જ્યોતિ વિડંબતાં,
છે સત્ત્વો તિમિરે ગ્રસ્ત તમોગ્રસ્ત વસ્તુઓને ચલાવતાં
ઈચ્છાવિરુદ્ધ સેવે એ સમર્થતર શક્તિને.
ઓજારો જૂઠનાં દૈવયોગકેરો અકસ્માત પ્રયોજતાં,
અઘોર એક સંકલ્પકેરી નહેરો બનેલાં દુષ્ટતાભરી,
શસ્ત્રો આપણને જેઓ બનાવે તે શસ્ત્રો અજ્ઞાતનાં સ્વયં,
અધઃ પ્રકૃતિની છે જે અવસ્થા ત્યાં શક્તિના અધિકારમાં,
માને છે માનવી જેને પોતાનાં કર્મ તે મહીં
આણે છે જે દૈવકેરી અસંગતિ,
કે કાળનો કઢંગો જે તુક્કો તેને દુર્ભાગ્ય રૂપ આપતાં,
એક હાથથકી બીજે ઉછાળીને જીવનો માનવોતણાં
અસંબદ્ધ રમે છે જે રમતો ધૂર્તતાભરી.

One day he shall come

"Oh, surely one day he shall come to our cry,
One day he shall create our life anew
And utter the magic formula of peace
And bring perfection to the scheme of things.
One day he shall descend to life and earth,
Leaving the secrecy of the eternal doors,
Into a world that cries to him for help,
And bring the truth that sets the spirit free,
The joy that is the baptism of the soul,
The strength that is the outstretched arm of Love.
One day he shall lift his beauty's dreadful veil,
Impose delight on the world's beating heart
And bare his secret body of light and bliss."

Savitri : 200

એક દિવસ ‘તે’ આવશે

‘અહો’ ! જરૂર એ એકવાર પોકાર આપણો
સુણીને આવશે અહીં,
જિંદગી આપણી એક દી નવેસર સર્જશે,
અને ઉચ્ચારશે સૂત્ર શાંતિનું જાદુએ ભર્યું,
ને વિશ્વની વ્યવસ્થામાં આણશે પરિપૂર્ણતા.
અવતાર લઈ એક દિન એ જીવને અને
પૃથ્વી પર પધારશે.
એની સહાયને માટે પોકાર કરતા જગે
આવશે એ નિત્યકેરાં દ્વારોની ગુપ્તતા તજી,
ને અહીં લાવશે સત્ય મુક્તિ દેનાર આત્મને,
આનંદ લાવશે દિવ્ય દીક્ષા દેનાર જીવને,
ને પ્રેમના પ્રસારેલા બાહુઓના રૂપમાં બળ લાવશે.
એક દિન ઉઠાવી એ લેશે ભીષણતાભર્યો
પડદો જે છે સ્વસૌન્દર્યની પરે,
લાદશે વિશ્વના સ્પંદી રહેલા ઉરની પરે
બળાત્કારે મહામુદા,
જ્યોતિ ને પરમાનંદ રૂપ ગુપ્ત સ્વરૂપ જે
છે પોતાનું તેને ખુલ્લું બનાવશે.’

Opponents of the Highest

Opponents of the Highest they have come
Out of their world of soulless thought and power
To serve by enmity the cosmic scheme.
Night is their refuge and strategic base.
Against the sword of Flame, the luminous Eye,
Bastioned they live in massive forts of gloom,
Calm and secure in sunless privacy:
No wandering ray of Heaven can enter there.
Armoured, protected by their lethal masks,
As in a studio of creative Death
The giant sons of Darkness sit and plan
The drama of the earth, their tragic stage.
All who would raise the fallen world must come
Under the dangerous arches of their power;
For even the radiant children of the gods

To darken their privilege is and dreadful right.
None can reach heaven who has not passed through hell.

Savitri : 226-27

વિરોધીઓ પરમના

આવ્યા છે એ વિરોધીઓ બનીને પરમોચ્ચના
એમના એક લોકથી,
છે જ્યાં વિચાર ને શક્તિ પણ આત્મા નથી જહીં,
ને વિશ્વની વ્યવસ્થાને સેવે તેઓ દુશ્મનાવટ દાખવી.
રાત્રિનો આશરો લે એ અને ત્યાંથી યુદ્ધની યોજના કરે.
અર્ચિની અસિ ને જ્યોતિર્મયી આંખ વિરુદ્ધમાં
ગાઢ અંધારને કિલ્લે બુર્જ પૂઠે એમનો વસવાટ છે
અસૂર્ય શાંત એકાંતમધ્યે સલામતીભર્યોઃ
ભમતું રશ્મિ સ્વર્ગીય પ્રવેશી શકતું ન ત્યાં.
ધારી બખ્તર ને જીવલેણ છદ્મવેશે રક્ષાયલા રહી,
જાણે કે શિલ્પશાળામાં સર્જનાત્મક મૃત્યુની
પૃથિવી પરનું નાટ્ય, રંગમંચ વિનાશાત્મક એમનો.
પડેલા વિશ્વનો જેઓ ઉદ્ધાર કરવા ચહે
તે બધાને અવશ્ય આવવું પડે
એમની શક્તિની કાળી કમાનો હેઠ કારમી;
કેમ કે દેવતાઓનાં પ્રભાપૂર્ણ બાળકોનેય નાખવા
અંધકારમહીં ખાસ એમનો અધિકાર છે,
હક છે ઘોરતાભર્યો.
નરકાલયને પાર કર્યા વગર કોઈએ
પ્હોંચી ના સ્વર્ગમાં શકે.

Daring hell's kingdom

A lie was there the truth and truth a lie.
Here must the traveller of the upward Way—
For daring Hell's kingdoms winds the heavenly route—
Pause or pass slowly through that perilous space,
A prayer upon his lips and the great Name.
If probed not all discernment's keen spear-point,
He might stumble into falsity's endless net.

Over his shoulder often he must look back
Like one who feels on his neck an enemy's breath;
Else stealing up behind a treasonous blow
Might prostrate cast and pin to unholy soil,
Pierced through his back by Evil's poignant stake.
So might one fall on the Eternal's road
Forfeiting the spirit's lonely chance in Time
And no news of him reach the waiting gods,
Marked "missing" in the register of souls,
His name the index of a failing hope,
The position of a dead remembered star.
Only were safe who kept God in their hearts:
Courage their armour, faith their sword, they must walk,
The hand ready to smite, the eye to scout,
Casting a javelin regard in front,
Heroes and soldiers of the army of Light.

Savitri : 210-211

"None can reach heaven who has not passed through hell."

But still, Mother, doesn't the soul chosen by the Divine go through hell in a different
way than others?

The quotation means that in order to reach the divine regions one must, while on earth, pass through the vital, which in some of its parts is a veritable hell. But those who have surrendered to the Divine and been adopted by Him are surrounded by the divine protection and for them the passage is not difficult.

(The Mother : Some answers from the mother : 29 November, 1968)

નર્કના સામ્રાજ્યને પડકાર

અસત્ય ત્યાં હતું સત્ય, અને સત્ય અસત્ય ત્યાં.
રાજ્યો નરકનાં હામભેર ભીડી સ્વર્ગમાર્ગે વળી જતા
યાત્રીએ ઊર્ધ્વના આંહીં અવશ્ય થોભવું પડે
યા જોખમે ભરેલે એ સ્થાને મંદ ગતિએ ચાલવું પડે,
અધરે પ્રાર્થના ધારી અને નામ મહનીય ધરી મુખે.
વિવેકબુદ્ધિના તીક્ષ્ણ શૂલાગ્રે જો સૌ શોધ્યું નવ હોય તો
જૂઠાણાની અંતહીન જાળમાં એ ભૂલેચૂકે પ્રવેશતો.

શત્રુનો લાગતો હોય શ્વાસ ગરદને યથા
તેમ ખભાતણી પૂઠે વારે વારે કરવી દૃષ્ટિ જોઈએ;
નહીં તો ચોર શો આવી ઘા દગાખોર થાય તો
ભોંયભેગા થવાયે ને પાપના તીક્ષ્ણ શૂળથી
પીઠે વીંધાઈ નાપાક એ જગાએ ત્યાં જડાઈ જવાય છે.
માર્ગે શાશ્વતના આવી રીતે થાય વિનિપાત મનુષ્યનો
ને આત્માને એકમાત્ર મળેલી તક કાળમાં
દંડ રૂપે પડે છે કરવી જતી,
અને એના સમાચાર વાટ જોતા દેવો પાસ ન પ્હોંચતા,
ચૈત્યોને પત્રકે ચિહ્‌ન ‘ગુમ’ એવું મુકાય છે.
વ્યર્થ નીવડતી આશા સૂચવંતું નામ એનું બની જતું,
મૃત સંસ્મૃત તારાનું પદ એને મળી પછી.
પ્રભુને હૃદયે રાખી રહેલાઓ જ એકલા
સુરક્ષિત હતા તહીંઃ
કવચે વીરતાકેરા ને શ્રદ્ધાની સમશેરે સજાયલા
રહીને ત્યાં તેમને ચાલવું પડે,
પ્રહાર કરવા હસ્ત સજ્જ રાખી ને આંખો શત્રુ શોધતી,
ભાલા જેવી દૃષ્ટિ આગળ નાખતા
વીરો ને લડવૈયાઓ જ્યોતિના સૈન્યના જતા.

‘‘નરકને પાર કર્યા વગર કોઈ પણ સ્વર્ગમાં પહોંચી શકે નહિ’’ છતાં, શ્રી માતાજી, ઈશ્વર દ્વારા પસંદ કરાયેલ આત્મા આ નરકને પાર અલગ રીતે – અન્યો કરતાં – પાર નથી કરતો શું ?’’

ઉત્તર : આ પંક્તિનો ભાવાર્થ એ છે કે ઈશ્વરીય પ્રદેશમાં પ્રવેશ કરવા માટે વ્યક્તિએ જ્યારે એ પૃથ્વી ઉપર હોય ત્યારે પ્રાણમાંથી, પ્રાણમય-લાગણીઓમાંથી પસાર થવું જ પડે. આ પ્રાણમય લાગણીઓ એમના અંશોમાં સાચે જ નર્કસમાન જ હોય છે. પરંતુ જે લોકોએ ઈશ્વરને સમર્પણ કરી દીધું હોય છે અને ઈશ્વરે જેમને અપનાવી લીધા હોય તેમને માટે એ માર્ગ (પસાર કરવાનું) મુશ્કેલ નથી હોતું.

The Eternal’s shadowy veil
He saw in Night the Eternal’s shadowy veil,
Knew death for a cellar of the house of life,
In destruction felt creation’s hasty pace,

Knew loss as the price of a celestial gain
And hell as a short cut to heaven's gates.
Then in Illusion's occult factory
And in the Inconscient's magic printing-house
Torn were the formats of the primal Night
And shattered the stereotypes of Ignorance.
Alive, breathing a deep spiritual breath,
Nature expunged her stiff mechanical code
And the articles of the bound soul's contract,
Falsehood gave back to Truth her tortured shape.
Annulled were the tables of the law of Pain,
And in their place grew luminous characters.
The skilful Penman's unseen finger wrote
His swift intuitive calligraphy;
Earth's forms were made his divine documents,
The wisdom embodied mind could not reveal,
Inconscience chased from the world's voiceless breast;
Transfigured were the fixed schemes of reasoning Thought.
Arousing consciousness in things inert,
He imposed upon dark atom and dumb mass
The diamond script of the Imperishable,
Inscribed on the dim heart of fallen things
A paean-song of the free Infinite
And the Name, foundation of eternity,
And traced on the awake exultant cells
In the ideographs of the Ineffable
The lyric of the love that waits through Time
And the mystic volume of the Book of Bliss
And the message of the superconscient Fire.

Savitri : 232

શાશ્વતનો છાયારૂપી બુરખો

નિહાળ્યો રાત્રિમાં એણે છાયારૂપી બુરખો શાશ્વતાત્મનો,
ને જાણ્યું મૃત્યુને એણે જિંદગીના ગૃહનું એક ભોંયરું,
નિહાળી નાશમાં એણે સૃષ્ટિની ઝડપી ગતિ,
સ્વર્ગીય લાભના મૂલ્ય રૂપ એણે નુકસાન નિહાળિયું,
અને નરકને ટૂંકા રસ્તા રૂપ સ્વર્ગ દ્વારે લઈ જતા.
માયાના ગૂઢ ને ભેદી કારખાનામહીં પછી
ને ચમત્કારથી પૂર્ણ અચિત્ ના મુદ્રણાલયે

આદ્ય રાત્રિતણા શીર્ણ ફરમાઓ થઈ ગયા,
ને અવિદ્યાતણી પાકી પત્રછાપો છિન્નભિન્ન થઈ ગઈ.
બની પ્રકૃતિ જીવંત, શ્વાસોચ્છ્‌વાસ ઊંડો અધ્યાત્મ સેવતી,
કાઢ્યા એણે કાયદાઓ યંત્ર જેમ અકડાઈ પ્રવર્તતા,
કલમોને કરી નાખી રદ બદ્ધ આત્માકેરા કરારની,
સમર્પી સત્યને દીધી જૂઠે પાછી પોતાની પીડિતાકૃતિ.
દુઃખના કાયદાકેરાં કોષ્ટકો રદ થૈ ગયાં,
ને સ્ફુર્યા તેમને સ્થાને પ્રભાએ પૂર્ણ અક્ષરો.
અણદીઠી અંગુલીએ પ્રવીણ લહિયાતણી
અંતઃપ્રેરિત આલેખ્યા લેખ એના ફૂટડા ઝડપે ભર્યા;
પૃથ્વી ઉપરનાં રૂપો દસ્તાવેજો એના દિવ્ય બની ગયાં,
મૂર્તિમંત થઈ પ્રજ્ઞા મન જેને કરી વ્યક્ત શક્યું ન'તું,
અચિત્-તાને ભગાડાઈ વિશ્વકેરા નિઃશબ્દ ઉરમાંહ્યથી;
રૂપાંતર લભી પાકી પદ્ધતિઓ ઉહાપોહી વિચારની,
ચૈતન્યને પ્રબોધંતો નિશ્ચેષ્ટ વસ્તુઓમહીં,
અવિનાશી તણી હીર-લિપિ એણે
કાળા અણુ પરે લાદી, લાદી મૂક પિંડપુંજતણી પરે,
પતિતા વસ્તુઓકેરા ઝાંખા હૃદયની પરે
આલેખ્યું કોતરી એણે યશોગાન વિનિર્મુક્ત અનંતનું,
આલેખ્યું નામ તે છે જે પાયો શાશ્વતતાતણો,
જાગેલા હૃષ્ટ કોષોની પર એણે રેખાંકિત કર્યું વળી
અનિર્વાચ્યકેરા ચિત્રમયાક્ષરે
પ્રેમનું મધુરું ગાન વાટ જોઈ રહેલું કાળ-વિસ્તરે,
ને આલેખ્યો ગ્રંથ ગૂઢ પરમાનંદ પર્વનો
અને સંદેશ આલેખ્યો અતિચેતન અગ્નિનો.

Reason's toil

An inconclusive play is Reason's toil.
Each strong idea can use her as its tool;
Accepting every brief she pleads her case.
Open to every thought, she cannot know.
The eternal Advocate seated as judge
Armours in logic's invulnerable mail
A thousand combatants for Truth's veiled throne
And sets on a high horse-back of argument

To tilt for ever with a wordy lance
In a mock tournament where none can win.
Assaying thought's values with her rigid tests
Balanced she sits on wide and empty air,
Aloof and pure in her impartial poise.
Absolute her judgments seem but none is sure;
Time cancels all her verdicts in appeal.
Although like sunbeams to our glow-worm mind
Her knowledge feigns to fall from a clear heaven,
Its rays are a lantern's lustres in the Night;
She throws a glittering robe on Ignorance.

Savitri : 252

તર્કબુદ્ધિનો શ્રમ

નિર્ણયાત્મક ના એવો ખેલ છે શ્રમ બુદ્ધિનો.
પ્રત્યેક પ્રબળો ભાવ પોતાના હથિયારને
રૂપે એનો ઉપયોગ કરી શકે;
પ્રત્યેક બ્રીફ સ્વીકારી એ પોતાની વકીલાત કરી શકે.
સર્વે વિચારની પ્રત્યે ખુલ્લી એ ના જ્ઞાનને મેળવી શકે;
ન્યાયાધીશતણે સ્થાને બેસાડેલો અધિવક્તા સનાતન
અભેધ કવચે તર્કયુક્તિકેરા સજાવતો
સત્યની છન્ન ગાદીને
માટે યુદ્ધે ઊતરેલા હજારો યુદ્ધવીરને;
તે એમને ચઢાવીને ઉચ્ચ અશ્વપૃષ્ઠ પર દલીલની
ન કોઈ પણ જ્યાં જીતે એવા ખાલી ખેલના ખાસ દંગલે
પ્રેરે છે શબ્દના ભાલા સામસામા ચલાવવા.
સમતોલપણે બેસી વ્યાપ્ત ખાલી હવામહીં
રાખી તટસ્થતા શુદ્ધ પક્ષાપક્ષી તજી દઈ
કપરી કૈં કસોટીઓ દ્વારા મૂલ્યો એ ચકાસે વિચારનાં,
એના સંપૂર્ણ દેખાતા હોય છે ન્યાયનિર્ણયો
તે છતાં યે નથી એકે ખાતરીબંધ એ મહીં;
અપીલ કરતો કાળ ચુકાદાઓ એના રદ બનાવતો.
આપણા આગિયા જેવા મનને રવિ-રશ્મિ શું
શુદ્ધ સ્વર્ગથકી નીચે ઊતરી હોય આવતું
એવું એનું જ્ઞાન જોકે જણાય છે
તે છતાં કિરણો એનાં રાત્રિમાં છે દ્યુતિ દીપકમાત્રની;
અજ્ઞાન પર નાખે એ ઝભ્ભો ઝબકથી ભર્યો.

She remains herself and infinite

But thought nor word can seize eternal Truth:
The whole world lives in a lonely ray of her sun.
In our thinking's close and narrow lamp-lit house
The vanity of our shut mortal mind
Dreams that the chains of thought have made her ours;
But only we play with our own brilliant bonds;
Tying her down, it is ourselves we tie.
In our hypnosis by one luminous point
We see not what small figure of her we hold;
We feel not her inspiring boundlessness,
We share not her immortal liberty.
Thus is it even with the seer and sage;
For still the human limits the divine:
Out of our thoughts we must leap up to sight,
Breathe her divine illimitable air,
Her simple vast supremacy confess,
Dare to surrender to her absolute.
Then the Unmanifest reflects his form
In the still mind as in a living glass;
The timeless Ray descends into our hearts
And we are rapt into eternity.
For Truth is wider, greater than her forms.
A thousand icons they have made of her
And find her in the idols they adore;
But she remains herself and infinite.

Savitri : 276

સત્યની દૈવી શક્તિ સ્વયં–સ્વરૂપ અનંત છે.

કિંતુ વિચાર કે શબ્દ પકડી ના શકે શાશ્વત સત્યનેઃ
એના સૂર્યતણા એકમાત્ર કિરણની મહીં
વિશ્વ સમસ્ત છે વસ્યું.
વાસેલા, સાંકડા,દીપે ઉજાળતા નિવાસમાં
આપણાં મનનોતણા,
મિથ્યાભિમાન પૂરેલા આપણા મર્ત્ય ચિત્તનું
સ્વપ્ને છે કે સાંકળોએ વિચારની
સત્યને છે બનાવી દીધ આપણું;
આપણે કિંતુ પોતાના પ્રકાશંતાં

બંધનોની સાથે કેવળ ખેલતા;
સત્યને બાંધવા જાતાં પોતાને જ આપણે બાંધીએ છીએ.
એક પ્રકાશતા બિંદુદ્વારા સંમોહને પડી
જોતા ના આપણે કે લઘુ કેટલું
એનું રૂપ આપણે ધારીએ છીએ;
પ્રેરણા આપતી એની સીમા બંધનમુક્તતા
ને લહેતા ન આપણે,
ભાગીદારી આપણી ના એની અમર મુક્તિમાં.
દ્રષ્ટા ને ઋષિને માટે પણ આવું જ જાણવું;
કેમ કે માનવી ત્યાં યે કરે સીમિત દિવ્યનેઃ
વિચારોમાંહ્યથી કૂદી આપણે છે જવાનું દૃષ્ટિની પ્રતિ,
છે શ્વાસોચ્છ્‌વાસ લેવાના એની દિવ્ય હદહીન હવાતણા,
કબૂલ કરવાનું છે એના સાદા સુવિશાળ વિભુત્વને,
એની કેવળ સત્તાને સમર્પાઈ જવાની હામ ભીડવી.
નિઃસ્પંદ મનમાં ત્યારે જીવંત દર્પણ યથા
અવ્યક્ત નિજ પાડે છે પ્રતિબિંબ સ્વરૂપનું;
આપણાં હૃદયો મધ્યે કાલમુક્ત આવે છે રશ્મિ ઊતરી
ને આપણે થતા ભાવલીન શાશ્વતતામહીં.
કેમ કે સત્ય પોતે છે વધુ વ્યાપ્ત
ને મહાન પોતાનાં સર્વ રૂપથી.
હજારો મૂર્ત્તિઓ એની છે બનાવેલ એમણે
ને પોતે પ્રતિમાઓ જે પૂજે છે તેમની મહીં
તે થાય પ્રાપ્ત તેમને;
પરંતુ સત્ય પોતે તો પોતારૂપ રહે અને
પોતે અંતવિહીન છે.

The deathless Rose

Between, behind our life, the deathless Rose.
Across the covert air the spirit breathes,
A body of the cosmic beauty and joy
Unseen, unguessed by the blind suffering world,
Climbing from Nature's deep surrendered heart
It blooms for ever at the feet of God,
Fed by life's sacrificial mysteries.

Here too its bud is born in human breasts;
Then by a touch, a presence or a voice
The world is turned into a temple ground
And all discloses the unknown Beloved.
In an outburst of heavenly joy and ease
Life yields to the divinity within
And gives the rapture-offering of its all,
And the soul opens to felicity.
A bliss is felt that never can wholly cease,
A sudden mystery of secret Grace
Flowers goldening our earth of red desire.
All the high gods who hid their visages
From the soiled passionate ritual of our hopes,
Reveal their names and their undying powers.
A fiery stillness wakes the slumbering cells,
A passion of the flesh becoming spirit,
And marvellously is fulfilled at last
The miracle for which our life was made.

Savitri : 278

અમર ગુલાબ

આપણી જિંદગી પૂઠે, વચગાળે,
મૃત્યુપાશમુક્ત પાટલપુષ્પ છે.
જીવ જેના શ્વાસ લે છે તે આચ્છાદી હવાની આરપાર એ
વૈશ્વ સૌન્દર્યકિરું ને હર્ષનું છે કલેવર,
અંધ દુઃખિત લોકે ના દીઠેલું, ના અનુમાનેલ જે વળી,
ને જે પ્રકૃતિના ઊંડા સમર્પાચેલ હાર્દથી
આરોહી પ્રભુને પાચે સદા માટે પ્રફુલ્લતું.
જિંદગીનાં યજ્ઞભાવી રહસ્યોનાં પોષણો પામતું જતું.
માનવી હૃદયોમાં હ્યાં પણ એની જન્મ પામેલ છે કળી;
એટલે સ્પર્શથી એક, એક સાન્નિધ્યથી યા એક બોલથી
પલટાઈ જતું વિશ્વ એક મંદિર-ભૂમિમાં
અને અજ્ઞાત પ્રેમીને પ્રકાશે આણતું બધું.
સ્વર્ગીય હર્ષ ને સૌખ્ય ફાટી ઊઠંત તે સમે
અંતઃસ્થ દિવ્ય સત્તાને થાય આધીન જિંદગી
ને સમર્પી દે સહર્ષ નૈવેદ્યે નિજ સર્વને,
ને ચૈત્યાત્મા ઊઘડે છે પરમાનંદની પ્રતિ.

આવે અનુભવે એક મહાસુખ કદીય જે
પૂરેપૂરું પડી બંધ શકે નહીં,
પ્રફુલ્લિત થઈ ઊઠે ઓંચિંતાંની
રહસ્યમયત ગુપ્ત કૃપાતણી
ને સોનેરી બનાવી દે લાલ ઈચ્છા આપણી ધરતીતણી.
આશાઓ આપણી મેલી અને આવેગપૂર્ણ જે
તેમના કર્મકાંડથી
પોતાના મુખને ઢાંકી રાખનારા જે મોટા દેવ, તે બધા
નિજ નામ અને મૃત્યુ વિહીન નિજ શક્તિઓ
પ્રત્યક્ષ પ્રકટાવતા.
ચંડ નિસ્પંદતા એક જગાડે છે ઘોરતા જીવકોષને,
ઉગ્રાવેગ જગાડે છે આત્મભાવ ધારી રહેલ પિંડનો,
ને જે માટે આપણાં છે જીવનો સરજાયલાં
તે ચમત્કાર પામે છે સિદ્ધિ અંતે કો અદભુત પ્રકારથી.

The World-Soul

The silent Soul of all the world was there:
A Being lived, a Presence and a Power,
A single Person who was himself and all
And cherished Nature's sweet and dangerous throbs
Transfigured into beats divine and pure.
One who could love without return for love,
Meeting and turning to the best the worst,
It healed the bitter cruelties of earth,
Transforming all experience to delight;
Intervening in the sorrowful paths of birth
It rocked the cradle of the cosmic Child
And stilled all weeping with its hand of joy;
It led things evil towards their secret good,
It turned racked falsehood into happy truth;
Its power was to reveal divinity.
Infinite, coeval with the mind of God,
It bore within itself a seed, a flame,
A seed from which the Eternal is new-born,
A flame that cancels death in mortal things.

Savitri : 291

વિશ્વાત્મા

સારા જગતનો મૌન આત્મા ત્યાં રાજતો હતો;
સત્, સાન્નિધ્ય અને શક્તિ એક ત્યાં વસતી હતી,
એક પુરુષ જે વ્યષ્ટિ ને સમષ્ટિ ઉભે હતો,
ને જે પ્રકૃતિનાં મિષ્ટ ને ભયંકર સ્પંદનો
દિવ્ય વિશુદ્ધ તાલોના રૂપમાં પલટાયલાં
હતાં તેમાં રસથી રમતો હતો.
કરી એ શકતો પ્રેમ પ્રેમના બદલા વિના,
સૌથી ખરાબને ભેટી સૌથી સારામાં એને પલટાવતો,
પૃથ્વીના કારમાં કાર્યોકેરા ઘાવ રુઝાવતો;
સર્વાનુભવને મોદ-પ્રમોદે પલટાવતો;
જન્મના દુઃખથી પૂર્ણ માર્ગોમાં વચમાં પડી
પારણાને ઝુલાવંતો હતો વૈશ્વિક બાલના
ને નિજાનંદને હસ્તે રુદનો સૌ શમાવતો;
અનિષ્ટ વસ્તુઓને એ
જતો દોરી એમનામાં છે છૂપું તે શુભ પ્રતિ,
આર્ત્ત અસત્યને ધન્ય સુખભાવી સત્યમાં પલટાવતો;
પ્રાદુર્ભાવો દિવ્યતાના કરવામાં શક્તિ એની રહી હતી.
અનંત, સમકાલીન પ્રભુના મન સાથ એ,
પોતામાં ધારતો એક બીજને, એક અર્ચિને,
બીજ શાશ્વત જેમાંથી થાય છે નવ-જાત ને
અર્ચિ જેહ મિટાવે છે મૃત્યુ મર્ત્ય વસ્તુઓમાં રહેલને.

The sole omnipotent Goddess

Ever disguised she awaits the seeking spirit;
Watcher on the supreme unreachable peaks,
Guide of the traveller of the unseen paths,
She guards the austere approach to the Alone.
At the beginning of each far-spread plane
Pervading with her power the cosmic suns
She reigns, inspirer of its multiple works
And thinker of the symbol of its scene.
Above them all she stands supporting all,
The sole omnipotent Goddess ever-veiled
Of whom the world is the inscrutable mask;

The ages are the footfalls of her tread,
Their happenings the figure of her thoughts,
And all creation is her endless act.
His spirit was made a vessel of her force;
Mute in the fathomless passion of his will
He outstretched to her his folded hands of prayer.
Then in a sovereign answer to his heart
A gesture came as of worlds thrown away,
And from her raiment's lustrous mystery raised
One arm half-parted the eternal veil.
A light appeared still and imperishable.
Attracted to the large and luminous depths
Of the ravishing enigma of her eyes,
He saw he mystic outline of a face.
Overwhelmed by her implacable light and bliss,
An atom of her illimitable self
Masered by the honey and lightning of her power,
Tossed towards the shores of her ocean-ecstasy,
Drunk with a deep golden spiritual wine,
He cast from the rent stillness of his soul
A cry of adoration and desire
And the surrender of his boundless mind
And the self-giving of his silent heart.
He fell down at her feet unconscious, prone.

Savitri : 295-296

સર્વસમર્થ એકમાત્ર દેવી

શોધતા જીવની વાટ જુએ છે એ હમેશાં છદ્મમાં રહી;
અપ્રાપ્ય શ્રેષ્ઠ શૃંગોની ચોકિયાત બનેલ એ
યાત્રીને જાય છે દોરી અણદૃષ્ટ પથો પરે,
એક-કેવલની પાસે જતો માર્ગ કઠોર જે
તેની રક્ષા કરંત એ.
આરંભે દૂર પ્હોંચેલી પ્રત્યેક ભૂમિકાતણા
નિજ શક્તિવડે વ્યાપ્ત કરીને સૂર્ય વિશ્વના,
કરે એ રાજ્ય પ્રેરંતી કાર્ય બહુલ એહનાં,
વિચાર કાઢતી એના દૃશ્યકેરા પ્રતીકને.
એમને સહુને માથે છે ખડી એ સૌને આધાર આપતી,
સર્વ સમર્થ ને એકમાત્ર દેવી સર્વદા અવગુંઠિતા,

ને એનું ન કળ્યું જાતું મુખાવરણ છે જગત્;
યુગો છે પગલાં એના પદસંચારકાળનાં,
બનાવો તેમના એના વિચારોનું સ્વરૂપ છે,
ને સારી સૃષ્ટિ છે એનું કાર્ય અંત ન પામતું.
આત્મા એનો બનાવાયો હતો પાત્ર દેવીની નિજ શક્તિનું;
અગાધ નિજ સંકલ્પકેરા ભાવોદ્રેકમાં મૂકતા ધરી
અંજલિ પ્રાર્થનાકેરી નિજ એણે પ્રસારી દેવતા પ્રતિ.
હૈયું રાજાતણું પામ્યું સર્વથી શ્રેષ્ઠ ઉત્તર.
ફેંકી જગત દેવાયાં હોય તેમ થયો સંકેત એક, ને
દેવીનાં દીપ્ત વસ્ત્રોની રહસ્યમયતા થકી
હાથ એક થયો ઊંચો અને એણે અડધો અળગો કર્યો
પટ શાશ્વત કાળનો.
પ્રકાશ એક દેખાયો સ્પંદહીન અનશ્વર.
સમસ્યા શી હતી આંખો દેવીકેરી હરતી મુગ્ધ ચિત્તને,
વિશાળાં ને વિભાસ્વંત ઊંડાણો એમનાં હતાં,
તે એક મુખની ગૂઢ રેખા પ્રત્યે એને આકર્ષતાં હતાં.
દુરારાધ્ય પ્રભાથી ને સંમુદાથી એની આભો બનેલ એ,
એના અસીમ આત્માનો અણુ પોતે,
મધુ ને વિદ્યુતે એની શક્તિકેરી પરાધીન બની જઈ
પરમાનંદના એના મહાસિંધુતટો પ્રતિ
ઉછાળાઈ રહ્યો હતો,
સુવર્ણ મદિરા ઘેરી પીને મત્તપ્રમત્ત એ,
નિઃસ્પંદતા નિજાત્માની વિદરાતાં ભક્તિ ને આસ્પૃહાતણો
પોકાર એક પાડતો
શરણાગતિમાં એનું મન નિઃસીમ અર્પતો,
નિજ નીરવ હૈયાનું સમર્પણ કરી દઈ
સાષ્ટાંગપાતમાં ભાન ભૂલી એને ચરણે એ ઢળી પડયો.

The golden bridge
A burning Love from white spiritual founts
Annulled the sorrow of the ignorant depths;
Suffering was lost in her immortal smile.
A Life from beyond grew conqueror here of death;

To err no more was natural to mind;
Wrong could not come where all was light and love.
The Formless and the Formed were joined in her:
Immensity was exceeded by a look,
A Face revealed the crowded Infinite.
Incarnating inexpressibly in her limbs
The boundless joy the blind world-forces seek,
Her body of beauty mooned the seas of bliss.
At the head she stands of birth and toil and fate,
In their slow round the cycles turn to her call;
Alone her hands can change Time's dragon base.
Hers is the mystery the Night conceals;
The spirit's alchemist energy is hers;
She is the golden bridge, the wonderful fire.
The luminous heart of the Unknown is she,
A power of silence in the depths of God;
She is the Force, the inevitable Word,
The magnet of our difficult ascent,
The Sun from which we kindle all our suns,
The Light that leans from the unrealised Vasts,
The joy that beckons from the impossible,
The Might of all that never yet came down.
All Nature dumbly calls to her alone
To heal with her feet the aching throb of life
And break the seals on the dim soul of man
And kindle her fire in the closed heart of things.

Savitri : 314

I have just heard that though the Grace flows from all the limbs of the Guru (such as the eyes and hands), what emanates through the feet is the most dynamic and full of compas- sion. That is why, it is said, the Indian tradition enjoins Pranam to the feet. Is this true?

Here is Sri Aurobindo's answer to your query:
... where she presses her feet course miraculous streams of an entrancing Ananda.

CWM 17: 389 The Mother

સુવર્ણનો સેતુ

શુભ્ર અધ્યાત્મ ઉત્સોથી આવનારા દેદીપ્યમાન પ્રેમથી
અજ્ઞાન ગહનોકેરો શોક લુપ્ત થઈ ગયો ;
અમર સ્મિતમાં માના લય દુઃખતણો થયો.
જીતી લીધું મૃત્યુને હ્યાં પારના એક જીવને ;
કદી ન કરવી ભૂલ, મનકેરો એ સ્વભા હતો તહીં;
જ્યાં બધું જ્યોતિ ને પ્રેમ ત્યાં બુરાઈ આવી ના શકતી હતી.
એનામાં યોગ પામ્યા'તા નિરાકાર અને સાકાર બેઉએ.
સારી અસીમતાથી યે દૃષ્ટિ એક ચઢી ગઈ,
મુખે એક કર્યું વ્યક્ત ખીચોખીચ અનંતને.
બળો સૃષ્ટિતણાં અંધ શોધે છે જે સીમામુક્ત મહામુદા
તેને અવર્ણ્ય વિધિએ મૂર્તિમંત કરંતો અંગઅંગમાં
એનો સૌન્દર્યનો દેહ
વિરાજતો હતો ચંદ્ર જેમ ભૂમાનંદના સિંધુઓ પરે.
જન્મ, આયાસ ને ભાગ્યતણે માથે ઊભી રહેલ એહ છે,
એને સાદે ચક્કરો લે મંદ મંદ એમના યુગના ક્રમો ;
કાલ-કાલિયનો પાયો માત્ર એના હસ્તો જ બદલી શકે.
રાત્રિ જેને છુપાવે છે તે રહસ્યમયતા એહની જ છે ;
કીમિયાગાર જે ઓજ આત્માનું તે તદીય છે ;
છે એ સુવર્ણનો સેતુ, આશ્ચર્યમય અગ્નિ એ.
            છે એ અજ્ઞાતનું હૈયું પ્રકાશતું,
પ્રભુનાં ગહનોમાં એ શક્તિ નીરવતાતણી;
છે એ ઓજ અને છે એ શબ્દ જેના વિના નિર્વાહ થાય ના,
છે એ ચુંબક મુશ્કેલ આરોહે ઊર્ધ્વ ખેંચતું,
છે એ તે સૂર્ય જેમાંથી
આપણા સર્વ સૂર્યોને આપણે પ્રકટાવતા,
અસાક્ષાત્કૃત ધામો જે વિશાળાં ત્યાંથકી લળી
            આવનારો પ્રકાશ એ,
છે એ આનંદ સંકેતે આમંત્રે જે અશક્યથી,
મહાસામર્થ્ય છે સૌનું જે કદી યે નીચે અવતર્યું નથી.
સારી પ્રકૃતિ એને જ છે બોલાવી રહેલી મૂકભાવથી,

કે એના ચરણસ્પર્શે એ અનામય દે કરી
            પીડાપૂર્ણ પ્રાણના ધબકારને,
માનવીના તમોગ્રસ્ત આત્મા પર મરાયલી
            તોડે સીલ સમસ્તને,
ને પ્રદીપ્ત કરે અગ્નિ પોતાનો એ
            વસ્તુઓના બંધ હૃદયની મહીં.

મેં હાલ એ સાંભળ્યું છે કે ગુરુના સર્વ અંગોમાંથી (જેમ કે ચક્ષુઓ અને હસ્ત) કૃપા વહેતી રહેતી હોય છે; એકદમ સક્રિય અને સંપૂર્ણ કરુણા. અને એટલે જ ભારતીય પ્રણાલી મુજબ ગુરુનાં ચરણોમાં પ્રણામ કરવાનો આદેશ આપવામાં આવે છે. શું આ સત્ય છે ? શ્રી અરવિન્દ અહીં તમારા પ્રશ્નનો ઉત્તર આપે છે.

શ્રી માતાજી

Human power and human love

But vain are human power and human love
To break earth's seal of ignorance and death;
His nature's might seemed now an infant's grasp;
Heaven is too high for outstretched hands to seize.
This Light comes not by struggle or by thought;
In the mind's silence the Transcendent acts
And the hushed heart hears the unuttered Word.
A vast surrender was his only strength.
A Power that lives upon the heights must act,
Bring into life's closed room the Immortal's air
And fill the finite with the Infinite.
All that denies must be torn out and slain
And crushed the many longings for whose sake
We lose the One for whom our lives were made.

Savitri : 315-16

માનવપ્રેમ અને માનવી શક્તિ

તોડવા અમથાં મારે વલખાંઓ શક્તિ ને પ્રેમ માનુષી;
બાલ-પકડના જેવું લાગતું'તું
            અત્યારે તો ઓજ એના સ્વભાવનું;
ઝાલી લેવા પ્રસારેલા હસ્ત માટે
            વધારે પડતું છે સ્વર્ગ ઊર્ધ્વમાં.

All Nature dumbly calls to her alone
To heal with her feet the aching throb of life.
Blessings.

The Mother

મથામણે વિચારે વા આ પ્રકાશ ન આવતો ;
મનના મૌનમાં કાર્ય પરાત્પરતણું થતું,
ને હૈયું ચુપકીદીમાં સાંભળે છે અનુચ્ચારિત શબ્દને.
એકમાત્ર હતું એનું બળ પાર વિનાની શરણાગતિ.
કરવું જોઈએ કાર્ય શિખરોએ રહેતી એક શક્તિએ,
જિંદગીના બંધ કક્ષે
અમરાત્માતણી એણે આણવી જોઈએ હવા,
ને સાન્તને ભરી દેવું જોઈએય અનંતથી
વિદારી નાખવાનું ને હણવાનું છે જે સૌ ઇનકારતું ;
કચડી નાખવાની છે લાલસાઓ અનેકશઃ
જેમને કારણે એક છે ગુમાવેલ આપણે -
એક જેને કાજ સર્જાયાં છે જીવન આપણાં.

The New Creation

A Bliss, a Light, a Power, a flame-white Love
Caught all into a sole immense embrace;
Existence found its truth on Oneness' breast
And each became the self and space of all.
The great world-rhythms were heart-beats of one Soul,
To feel was a flame-discovery of God,
All mind was a single harp of many strings,
All life a song of many meeting lives;
For worlds were many, but the Self was one.
This knowledge now was made a cosmos' seed:
This seed was cased in the safety of the Light,
It needed not a sheath of Ignorance.
Then from the trance of that tremendous clasp
And from the throbbings of that single Heart
And from the naked Spirit's victory
A new and marvellous creation rose.
Incalculable outflowing infinitudes
Laughing out an unmeasured happiness
Lived their innumerable unity;
Worlds where the being is unbound and wide
Bodied unthinkably the egoless Self;
Rapture of beatific energies
Joined Time to the Timeless, poles of a single joy;
White vasts were seen where all is wrapped in all.

There were no contraries, no sundered parts,
All by spiritual links were joined to all
And bound indissolubly to the One:
Each was unique, but took all lives as his own,
And, following out these tones of the Infinite,
Recognised in himself the universe.

Savitri : 323

નૂતન સર્જન

એક મહાસુખે, એક જ્યોતિએ, એક શક્તિએ,
એક જ્વાલા-શુભ્ર પ્રેમે
પકડી સર્વને લીધું અણમેય એક આશ્લેષની મહીં;
અસ્તિત્વે એક્તાકેરે હૈયે પ્રાપ્ત પોતાના સત્યને કર્યું.
ને એ ઉભય સર્વેના આત્મા સાથે અવકાશ બની ગયાં.
લયો વિશ્વતણા મોટા
એક એવા ચિદાત્માના હૈયાની ધબકો હતા,
લહેવો ભાવ એ જ્વાલામયી શોધ હતી પરમદેવની,
સર્વે મન હતું એક વીણા અનેક તારની,
સર્વ જીવન સંગીત હતું મિલન પામતાં
અનેક જીવનોતણું;
કેમ કે જીવનો ઝાઝાં હતાં કિંતુ આત્મા એક જ ત્યાં હતો.
આ જ્ઞાન વિશ્વના બીજ રૂપ હાવે બન્યું હતું:
ને સુરક્ષિત આ બીજ હતું રાખ્યું પટારામાં પ્રકાશના,
એને અજ્ઞાનના કોષની આવશ્યક્તા ન'તી.
પછી વિસ્મયકારી એ મહાશ્લેષકેરી લયસમાધિથી,
ને एक एव એ હૈયાકેરાં સ્પંદમાંહ્યથી
નગ્ન આત્માતણા વિજયમાંહ્યથી
નવીના ને અદ્‌ભુતા કો સૃષ્ટિ એક સમુદ્‌ભવી.
કળી શકાય ના એવાં આનંત્યો ઊભરી જતાં,
વણમાપી મુદાકેરા હાસ્યને બ્હાર વેરતાં,
બહુતાયુક્ત પોતાની એક્તામાં નિવાસ કરતાં હતાં;
છે જ્યાં સત્-તા અબદ્ધા ને વિશાળ વ્યાપ્તિએ ભરી,
તે જગત્ કરતાં મૂર્ત્ત નિરહંકાર આત્મને
અતર્કિત પ્રકારથી,

પ્રહર્ષ પરમાનંદી શક્તિઓનો
કરતો 'તો યુક્ત કાળ અકાળ શું,
ધ્રુવો છે જે એકમાત્ર મુદાતણા;
વૈશાલ્યો શુભ્ર દેખાયાં જ્યાં છે સર્વ લપેટાયેલ સર્વમાં.
વિપરીતો હતાં ના ત્યાં, ન 'તા ભાગો કાપી છુટા પડાયેલા,
બધા અધ્યાત્મ-અંકોડે બધા સાથે હતા ત્યાં સંકળાયેલા
ને एक एव ની સાથે બંધાયેલા અવિચ્છેદ્ય પ્રકારથીઃ
પ્રત્યેક અદ્વિતીય ત્યાં
કિંતુ સર્વે જીવનોને પોતાનાં માનતો હતો,
ને અનંતતણી ભાવ છટાઓને અંત પર્યંત સેવતો
પોતાની જાતમાં વિશ્વ રહેલું એ પિછાનતો.

Man a link between the demigod and the beast

A link between the demigod and the beast,
He knows not his own greatness nor his aim;
He has forgotten why he has come and whence.
His spirit and his members are at war;
His heights break off too low to reach the skies,
His mass is buried in the animal mire.
A strange antinomy is his nature's rule.
A riddle of opposites is made his field:
Freedom he asks but needs to live in bonds,
He has need of darkness to perceive some light
And need of grief to feel a little bliss;
He has need of death to find a greater life.
All sides he sees and turns to every call;
He has no certain light by which to walk;
His life is a blind-man's-buff, a hide-and-seek;
He seeks himself and from himself he runs;
Meeting himself, he thinks it other than he.
Always he builds, but finds no constant ground,
Always he journeys, but nowhere arrives;
He would guide the world, himself he cannot guide;
He would save his soul, his life he cannot save.

પશુ અને દેવતા વચ્ચેની કડી : માનવ
સંયોજતી બની એક કડી અર્ધદેવ ને પશુમધ્યની,
પોતાના મહિમાનું ના ભાન એને ને નથી ભાન લક્ષ્યનું ;
પોતે કેમ અને ક્યાંથી આવ્યો છે તે એને યાદ રહ્યું નથી;
એનો આત્મા અને એનાં અંગો વચ્ચે લડાઈ છે ;
વ્યોમોને સ્પર્શવા જાતાં
એની ઊંચાઈઓ નીચી અતિશે જાય છે પડી,
પિંડ એનો દટાયો છે પશુના પંકની મહીં.
એનો સ્વભાવનો ધર્મ અસંબદ્ધ ને વિચિત્ર વિરોધ છે.
વિરોધી વસ્તુઓ કેરો કોયડો છે બનેલો ક્ષેત્ર એહનું:
મુક્તિ એ માગતો કિંતુ બંધનોમાં રે'વું એની જરૂર છે,
છે આવશ્યકતા એને અંધકારતણી જોવા માટે થોડા પ્રકાશને
થોડોક હર્ષ લ્હેવાને માટે એને શોકકેરી જરૂર છે ;
વધુ મોટા જીવનાર્થે મૃત્યુ એને જરૂરનું.
બધી બાજુ જુએ છે એ ને વળે છે પ્રત્યેક સાદની પ્રતિ;
જેની સહાયથી પોતે ચાલે એવી
એની પાસે નથી નિશ્ચિત જ્યોતિ કો ;
એનું જીવન છે ગોળીબાર શું આંધળાતણા,
રમી સંતાકૂકડીએ રહેલ એ ;
શોધે સ્વરૂપને કિંતુ ભાગી જાય સ્વરૂપથી;
ભેટો સ્વરૂપનો થાતાં માને છે કે
એ પોતાથી જુદી જ કોક વસ્તુ છે.
બાંધતો એ સદા રે'તો, કિંતુ એને મળતી સ્થિર ભૂમિ ના,
હમેશાં ચાલતો રે'તો, કિંતુ ક્યાંય ન પ્હોંચતો ;
જગને દોરવા માગે, દોરી ના જાતને શકે ;
માગે ઉદ્ધારવા આત્મ, જિંદગીને ઉદ્ધારી શકતો ન એ.

All things shall change
My light shall be in thee, my strength thy force.
Let not the impatient Titan drive thy heart,
Ask not the imperfect fruit, the partial prize.
Only one boon, to greaten thy spirit, demand;
Only one joy, to raise thy kind, desire.
Above blind fate and the antagonist powers

Moveless there stands a high unchanging Will;
To its omnipotence leave thy work's result.
All things shall change in God's transfiguring hour."

Savitri : 341

સર્વ કંઈ પરિવર્તન પામી જશે.

મારો પ્રકાશ તારામાં હશે, મારું બળ તારું બની જશે.
અધીર દૈત્યને તારા હૈયાકેરો હાંકનાર બનાવ ના
અધૂરું ફળ ના માગ, પુરસ્કાર અપૂર્ણ ના.
માહાત્મ્ય આત્મને દેતું વરદાન એક કેવળ માગજે;
એક કેવળ આનંદ વાંછજે તું સ્વજાતિનો ઉત્કર્ષ સાધવાતણો
અંધ નિર્માણને માથે અને માથે વિરોધી શક્તિઓતણા
સ્થિર ને બદલાયે ના એવો એક ઉચ્ચ સંકલ્પ છે ખડો;
એની સર્વશક્તિમત્તા માટે તારા કર્મનું ફળ છોડ તું.
રૂપાંતર પમાડંતી પ્રભુની પળ આવતાં
બદલાઈ બધું જશે.''

"His failure is not failure whom God leads"
પ્રભુ જેને દોરે છે તેની નિષ્ફળતા નિષ્ફળતા નથી.

Because it is part of the play?

It is the human mind that has the conception of success and failure. It is the human mind that wants one thing and does not want another. In the divine plan each thing has its place and its importance. So it is not success that matters. What matters is to be a docile and if possible a conscious instrument of the Divine Will.

To be and to do what the Divine wants, this is the truly important thing.

Savitri 34 : 389

સફળતા અને નિષ્ફળતાનો ખ્યાલ માનવ મનને હોય છે. માનવ મનને એક વસ્તુ જોઈતી હોય છે અને બીજી વસ્તુ જોઈતી હોતી નથી. ઈશ્વરીય યોજનામાં દરેક વસ્તુનું સ્થાન હોય છે, એનું મહત્ત્વ પણ હોય છે. એટલે સફળતા એ મહત્ત્વની વસ્તુ નથી. મહત્ત્વનું એ છે કે માણસ સાલસ બની રહે અને જો શક્ય હોય તો ઈશ્વરીય સંકલ્પનું સભાન કરણ બની રહે. ઈશ્વર જે ઇચ્છે તે બની રહેવું. તેઓ જે ઇચ્છે તે કાર્ય કરવું, એ જ ખરેખર મહત્ત્વની વાત છે.

શ્રી માતાજી

The Omnipotent's flaming pioneers

I saw the Omnipotent's flaming pioneers
Over the heavenly verge which turns towards life
Come crowding down the amber stairs of birth;
Forerunners of a divine multitude,
Out of the paths of the morning star they came
Into the little room of mortal life.
I saw them cross the twilight of an age,
The sun-eyed children of a marvellous dawn,
The great creators with wide brows of calm,
The massive barrier-breakers of the world
And wrestlers with destiny in her lists of will,
The labourers in the quarries of the gods,
The messengers of the Incommunicable,
The architects of immortality.
Into the fallen human sphere they came,
Faces that wore the Immortal's glory still,
Voices that communed still with the thoughts of God,
Bodies made beautiful by the spirit's light,
Carrying the magic word, the mystic fire,
Carrying the Dionysian cup of joy,
Approaching eyes of a diviner man,
Lips chanting an unknown anthem of the soul,
Feet echoing in the corridors of Time.
High priests of wisdom, sweetness, might and bliss,
Discoverers of beauty's sunlit ways
And swimmers of Love's laughing fiery floods
And dancers within rapture's golden doors,
Their tread one day shall change the suffering earth
And justify the light on Nature's face.
Although Fate lingers in the high Beyond
And the work seems vain on which our heart's force was spent,
All shall be done for which our pain was borne.
Even as of old man came behind the beast
This high divine successor surely shall come
Behind man's inefficient mortal pace,
Behind his vain labour, sweat and blood and tears:
He shall know what mortal mind barely durst think,
He shall do what the heart of the mortal could not dare.
Inheritor of the toil of human time,
He shall take on him the burden of the gods;

Savitri : 344

દેદીપ્યમાન સર્વસમર્થ અગ્રગામી

દેદીપ્યમાન મેં દીઠા અગ્રગામી સર્વસામર્થ્યવંતના,
વળતી જીવન પ્રત્યે તે કિનારી ઉપરે સ્વર્ગલોકની,
અંબરે નિર્મિતા સીડી જન્મની, તે પરે થઈ
તેઓ નીચે ટોળે ટોળે ઊતરી આવતા હતા;
દિવ્ય વૃન્દતણા અગ્રદૂત તેઓ પ્રભાત-તારકાતણા
  પંથોમાંથી નીકળીને પ્રવેશતા
નાની શી કોટડીમાંહે મર્ત્યભાવી આપણી જિંદગીતણી.
જોયા મેં તેમને પાર કરતા યુગકાળની
ઝાંખી શી સાંધ્ય જ્યોતિને
સૂર્યચક્ષુ હતા તેઓ બાળકો કો ચમત્કારી ઉષાતણા,
હતા મહાન સ્રષ્ટાઓ,
વિશાળ તેમનાં ભાલે હતી શાંતિ વિરાજતી,
વિશ્વકેરા મહાકાય બાધાબંધોતણા એ ભંજકો હતા,
હતા નિર્માણની સાથે કુસ્તીના કરનાર એ
  ઈચ્છાકેરાં એનાં દંગલની મહીં,
મજૂરી કરનારાઓ હતા તેઓ ખાણોમાં દેવલોકની
અપ્રકાશ્યતણા તેઓ હતા સંદેશવાહકો,
હતા અમરતાકેરા તેઓ શિલ્પવિધાયકો.
આવ્યા 'તા તે માનવીના અધઃપતિત લોકમાં,
હજીય અમરાત્માની મહાદીપ્તિ તેમને વદને હતી,
પ્રભુકેરા વિચારોની સાથે સંબંધમાં હજી
    અવાજો એમના હતા,
બ્રહ્મજ્યોતિવડે દેહો હતા સુંદર એમના,
લાવ્યા તેઓ હતા શબ્દ ચમત્કારી,
   હતા લાવ્યા રહસ્યમય અગ્નિને,
પ્રમત્ત હર્ષનો પ્યાલો મદના દેવતાતણો
    તેમના હાથમાં હતો,
સમીપે આવતા 'તા એ આંખો સામે વધુ દિવ્ય મનુષ્યની,
અજાણ્યું સ્તોત્ર આત્માનું ગવાતું 'તું એમના અધરો પરે,
કાળની પરસાળોમાં સુણાતો 'તો એમના પદનો ધ્વનિ.
જ્ઞાન, માધુર્ય, સામર્થ્ય અને પરમ શર્મના

હતા તેઓ ઉચ્ચકક્ષ પુરોહિતો,
આવિષ્કારક સૌન્દર્યકિરા સૂર્ય-પ્રભ પંથોતણા હતા,
તરવૈયા હતા પ્રેમકેરાં હાસ્ય કરતાં દીપ્ત પૂરના,
ને પ્રહર્ષણાના સ્વર્ણ-દ્વારી નૃત્યગૃહના નર્તકો હતા,
એમને પગલે એક દિન દુઃખી દુનિયા પલટી જશે
ને ન્યાય્ય ઠરશે જ્યોતિ છે જે પ્રકૃતિને મુખે.
જોકે પારપાર ઊર્ધ્વે હજુયે છે ભાગ્ય વાર લગાડતું.
ને જેમાં શક્તિ હૈયાની આપણી ખરચાઈ છે
તે કાર્ય છે ગયું વ્યર્થ એવું જોકે જણાય છે,
છતાં યે આપણે જેને માટે દુઃખ સહેલ છે
તે સર્વે સિદ્ધિ પામશે.
પૂર્વે પશુ પછી જેમ માનવીનું આવાગમન છે થયું,
બરાબર થશે તેમ મર્ત્યકિરી અદક્ષા ગતિની પછી,
વૃથા શ્રમ, પસીનો ને રક્ત ને અશ્રુઓ પછી
ઉચ્ચ વારસ આ દિવ્ય અવશ્યમેવ આવશેઃ
જેને વિચારવાની યે
માંડ માંડ હામ ભીડી શકે છે મન મર્ત્યનું
તેનું એ જ્ઞાન પામશે,
ને હૈયું મર્ત્યનું જેને માટે સાહસ ખેડવા
શક્તિમાન નથી, તેને એ કરી પાર પાડશે.
માનવી જિંદગીકિરા શ્રમનો વારસો લઈ
દેવોનો ભાર પોતાની પર એહ ઉપાડશે,

The Eternal's artist Bride

O Truth defended in thy secret sun,
Voice of her mighty musings in shut heavens
On things withdrawn within her luminous depths,
O Wisdom-Splendour, Mother of the universe,
Creatrix, the Eternal's artist Bride,
Linger not long with thy transmuting hand
Pressed vainly on one golden bar of Time,
As if Time dare not open its heart to God.
O radiant fountain of the world's delight
World-free and unattainable above,
O Bliss who ever dwellst deep-hid within

While men seek thee outside and never find,
Mystery and Muse with hieratic tongue,
Incarnate the white passion of thy force,
Mission to earth some living form of thee.
One moment fill with thy eternity,
Let thy infinity in one body live,
All-Knowledge wrap one mind in seas of light,
All-Love throb single in one human heart.
Immortal, treading the earth with mortal feet
All heaven's beauty crowd in earthly limbs!
Omnipotence, girdle with the power of God
Movements and moments of a mortal will,
Pack with the eternal might one human hour
And with one gesture change all future time.
Let a great word be spoken from the heights
And one great act unlock the doors of Fate."

Savitri : 345

કલાકાર વધૂ શાશ્વતાત્મની

છૂપા પોતાતણા સૂર્યે સંરક્ષાયેલ સત્ય હે!
બંધ સ્વર્ગોમહીં એનાં ઊંડાણોમાં પ્રકાશતાં,
સંકેલાયેલ ચીજોની પર એનાં જે મહાબલ ચિંતનો
    ચાલી રહેલ છે તેના અવાજ હે !
હે ઋતજ્ઞાનની દીપ્તિ! માતા હે વિશ્વલોકની!
હે વિધાત્રી! કલાકાર વધૂ હે શાશ્વતાત્મની!
કીમિયો કરતા તારા કર સાથે કર ઝાઝો વિલંબ ના,
કાળની એક સોનીરી પટ્ટિકા પર એહને
        દાબી એને રાખતી ના નિરર્થક,
જાણે કે પ્રભુની પ્રત્યે
નિજ હૈયું ખોલવાની હામ કાળે ભીડવી નવ જોઈએ.
ઊર્ધ્વે જગતથી મુક્ત અને અપ્રાપ્ય તું, છતાં
વિશ્વની પ્રમુદાકેરા પ્રભવ પ્રસ્ફુરંત હે!
ઢૂંઢતા માણસો જેને બ્હાર ને ના જેને કદીય પામતા
એવા હે પરમાનંદમૂર્ત્તિ ગુપ્ત રહેલી ગહરાઈમાં!
મંત્રપૂતા જીભવાળી રહસ્યમયતા અને
                દેવી ઓ હે કલાતણી!

તારી શક્તિતણો શુભ્ર ભાવાવેશ મૂર્તિમંત બનાવ તું,
તારું સ્વરૂપ કો એક ઉચ્છ્વસંતું પાઠવ પૃથિવી પરે.
તારી શાશ્વતતાથી તું ભરી દે ક્ષણ એકને,
તારી અનંતતાને દે વસાવી એક દેહમાં,
લો એક મનને વીંટી **સર્વજ્ઞાન જ્યોતિના** સાગરોમહીં,
એક માનવ હૈયામાં તારો સર્વપ્રેમ એકલડો સ્ફુરો.
અમર્ત્ય મર્ત્ય પાયોએ પગલાંઓ પૃથિવી પર પાડતી
સ્વર્ગનું સર્વ સૌન્દર્ય સમૂહાવ અંગોમાં અવનીતણાં!
હે સર્વશક્તિમત્તા! તું આવરી લે પ્રભુકેરા પ્રભાવથી
ક્રિયાઓ ને ક્ષણો સર્વ મર્ત્ય સંકલ્પશક્તિની,
શાશ્વત બળથી એક ઘટિકાને મનુષ્યની
દે ઠસોઠસ તું ભરી,
એક સંકેતથી નાખ પલટાવી સારા ભવિષ્ય કાળને.
શિખરો પરથી એક મહાશબ્દ સુણાવ તું
અને એક મહાકૃત્યે તાળાં ખોલ ભાગ્યનાં બારણાંતણાં.''

A seed shall be sown

"O strong forerunner, I have heard thy cry.
One shall descend and break the iron Law,
Change Nature's doom by the lone spirit's power.
A limitless Mind that can contain the world,
A sweet and violent heart of ardent calms
Moved by the passions of the gods shall come.
All mights and greatnesses shall join in her;
Beauty shall walk celestial on the earth,
Delight shall sleep in the cloud-net of her hair,
And in her body as on his homing tree
Immortal Love shall beat his glorious wings.
A music of griefless things shall weave her charm;
The harps of the Perfect shall attune her voice,
The streams of Heaven shall murmur in her laugh,
Her lips shall be the honeycombs of God,
Her limbs his golden jars of ecstasy,
Her breasts the rapture-flowers of Paradise.
She shall bear Wisdom in her voiceless bosom,
Strength shall be with her like a conqueror's sword
And from her eyes the Eternal's bliss shall gaze.

A seed shall be sown in Death's tremendous hour,
A branch of heaven transplant to human soil;
Nature shall overleap her mortal step;
Fate shall be changed by an unchanging will."

Savitri : 346

બીજ એક વવાશે

''પોકાર મેં સુણ્યો તારો, અગ્રદૂત બલિષ્ઠ હે!
ઊતરી આવશે એક અને તોડી નાખશે લોહ-કાયદો,
કેવળ બ્રહ્મને બળે
પલટાવી નાખશે એ ભાગ્યરેખા નિસર્ગની.
આવશે મન એક જે
હશે સીમા વિનાનું ને સમાવેશ વિશ્વનો કરવા ક્ષમ,
સંચાલિત થતું ભાવાવેશોએ દેવલોકના
ઉત્સાહી શાંતિઓકેરું ઉર એક અધુરું તીવ્ર આવશે.
સર્વે મહાબલો, સર્વે મહત્તાઓ એ એક એકઠી થશે,
પૃથ્વી ઉપર સૌન્દર્ય ચાલશે સ્વર્ગલોકનું,
એના અલકની અભ્ર-જાલિકામાં પરમાનંદ પોઢશે,
ને પોતાના વાસ-વૃક્ષ પરે જેમ, તેમ તેને ક્લેવરે
અમર પ્રેમ પોતાની પ્રોજ્જ્વલંતી પાંખોને ફફડાવશે.
અશોક વસ્તુઓકેરું એક સંગીત ગૂંથશે
એની મધુર મોહિની,
એના સ્વરતણી સાથે સિદ્ધોની વીણાઓ સૂર મિલાવશે
એના હાસ્યે સ્વર્ગકિરા સ્રોતો મર્મરતા થશે,
એના ઓષ્ઠ બની જાશે મધપૂડા મહેશના,
એનાં અંગો હેમ-કલશો બની જાશે ઈશની સંમુદાતણા,
અને એના સ્તનો પુષ્પો પ્રહર્ષનાં
હશે નંદન-ધામનાં.
નિજ નીરવ હૈયે એ જ્ઞાનપ્રજ્ઞાન ધારશે,
એની પાસે હશે શક્તિ વિજેતાની તરવાર સમોવડી,
ને એનાં નયનોદ્વારા શાશ્વતાત્માતણી પરમ સંમુદા
મીટ માંડી વિલોકશે.
મુહૂર્તે મૃત્યુના ઘોર વવાશે એક બીજ, ને

માનવી ભોમમાં શાખા સ્વર્ગકિરી બની આરોપિતા જશે;
જશે પ્રકૃતિ ઓળંગી પોતાકેરું પગલું મર્ત્ય કૂદકે,
એક નિશ્ચલ સંકલ્પે પલટો ભાગ્ય પામશે.''

Earth-born race

"O Force-compelled, Fate-driven earth-born race,
O petty adventurers in an infinite world
And prisoners of a dwarf humanity,
How long will you tread the circling tracks of mind
Around your little self and petty things?
But not for a changeless littleness were you meant,
Not for vain repetition were you built;
Out of the Immortal's substance you were made;
Your actions can be swift revealing steps,
Your life a changeful mould for growing gods.
A Seer, a strong Creator, is within,
The immaculate Grandeur broods upon your days,
Almighty powers are shut in Nature's cells.
A greater destiny waits you in your front:
This transient earthly being if he wills
Can fit his acts to a transcendent scheme.
He who now stares at the world with ignorant eyes
Hardly from the Inconscient's night aroused,
That look at images and not at Truth,
Can fill those orbs with an immortal's sight.
Yet shall the godhead grow within your hearts,
You shall awake into the spirit's air
And feel the breaking walls of mortal mind
And hear the message which left life's heart dumb
And look through Nature with sun-gazing lids
And blow your conch-shells at the Eternal's gate.
Authors of earth's high change, to you it is given
To cross the dangerous spaces of the soul
And touch the mighty Mother stark awake
And meet the Omnipotent in this house of flesh
And make of life the million-bodied One.
The earth you tread is a border screened from heaven;
The life you lead conceals the light you are.

Savitri : 370

દૈવથી હંકારાતી જગતી–જાયા

‘‘લોકો ઓ જગતી-જાયા! શક્તિકેરા દાબને વશ વર્તતા,
હંકારાયેલ દૈવથી,
શુદ્ર સાહસિકો ઓ હે! અનંત જગની મહીં,
બંદીવાન બનેલાઓ! વામણી મનુ-જાતિના,
ક્યાં સુધી ચાલતા રે’શો મનનાં ચક્કરોમહીં,
તમારી લઘુ જાતની
ને તુચ્છ વસ્તુઓકેરી આસપાસ ફર્યે જતા ?
પરંતુ પલટાયે ના એવી એક ક્ષુદ્રતામાં જ જીવવું
એ હતો નહિ ઉદ્દેશ તમારી જિંદગીતણો,
અમથી પુનરાવૃત્તિ માટે ઘાટ ઘડાયો તમ ના હતો;
અમૃતાત્માતણા આદિ-દ્રવ્યમાંથી બનાવાયા હતા તમે;
શીઘ્ર આવિષ્કારકારી પગલાંઓ તમ કર્મો બની શકે,
વૃદ્ધિ પામંત દેવોને માટે બીબું
બદલાતું બની જાય એવી છે તમ જિંદગી.
ભીતરે એક છે દ્રષ્ટા, સ્રષ્ટા એક સમર્થ છે,
વિશુદ્ધ મહિમા દિવ્ય કરે ચિંતા તમારા દિવસોતણી,
બંદી પ્રકૃતિના કોષોમહીં સર્વ શક્તિમાન બળો રહ્યાં.
તમારી સંમુખે વાટ તમ જોતું ભાવિ એક મહત્તરઃ
સંકલ્પ જો કરે સત્ત્વ આ અનિત્ય જાયેલું જગતીથકી
તો પોતાનાં કર્મને એ
સર્વોચ્ચ યોજના સાથે મેળમાં મેળવી શકે.
અત્યારે જે અજ્ઞ આંખે તાકે છે જગની પ્રતિ
ને અચિત્‌ની રાત્રિમાંથી જાગેલો માંડમાંડ છે,
જુએ છે પ્રતિબિંબોને ને જુએ નહિ સત્યને,
ને મનુષ્ય દૃષ્ટિથી અમરોતણી
એ આંખોને ભરી શકે.
તમારાં હૃદયોમધ્યે દેવતાત્મા તે છતાં વૃદ્ધિ પામશે.
બ્રહ્મકેરી હવામાંહે તમે પ્રબોધ પામશો,
ને તૂટી પડતી જોશો દીવાલો મર્ત્ય ચિત્તની,
મૂગું છોડ્યું હતું જેણે હૈયાને જિંદગીતણા
તે સંદેશો તમે સાંભળશો અને

જોશો પ્રકૃતિની પાર પોપચાંએ સૂર્ય પે મીટ માંડતાં,
ને સનાતનને દ્વારે શંખો તમ વગાડશો.
પ્રવર્તકો ધરાકેરા મહોચ્ચ પલટાતણા,
ચૈત્યાત્માનાં ભયે પૂર્ણ સ્થાનો સંક્રામવાતણું,
પૂર્ણ પ્રબુદ્ધ ઓજસ્વી માનો સ્પર્શ
પામવાનું કામ છે તમને મળ્યું,
તમારે મળવાનું છે દેહગેહમહીં સર્વસમર્થને,
કોટાનુકોટિ છે જેનાં અંગો એ એકરૂપનું
સ્વરૂપ સર્જવાનું છે તમારે જિંદગીમહીં.
જે પૃથ્વી પર ચાલો છો તમે તે તો માત્ર એક કિનાર છે,
એની ને સ્વર્ગની વચ્ચે પડદો એક છે પડ્યો,
જે જ્યોતિ છો તમે પોતે તેને રાખે સંતાડી તમ જિંદગી.

The mantra

As when the mantra sinks in Yoga's ear,
Its message enters stirring the blind brain
And keeps in the dim ignorant cells its sound;
The hearer understands a form of words
And, musing on the index thought it holds,
He strives to read it with the labouring mind,
But finds bright hints, not the embodied truth:
Then, falling silent in himself to know
He meets the deeper listening of his soul:
The Word repeats itself in rhythmic strains:
Thought, vision, feeling, sense, the body's self
Are seized unutterably and he endures
An ecstasy and an immortal change;
He feels a Wideness and becomes a Power,
All knowledge rushes on him like a sea:
Transmuted by the white spiritual ray
He walks in naked heavens of joy and calm,
Sees the God-face and hears transcendent speech:

Savitri : 375

મંત્ર

યોગની શ્રુતિમાં જ્યારે ગહને મંત્ર ઊતરે
અંધ મસ્તિષ્કને ત્યારે કરી ક્ષુબ્ધ એનો સન્દેશ જાય ત્યાં

ને અંધારા અને અજ્ઞ કોષોમાં એ રાખે છે એહનો ધ્વનિ;
શ્રોતા સમજતો એક શબ્દરચિત રૂપને
ને નિર્દેશક એનામાં જે વિચાર તેના ધ્યાનમહીં રહી
મથતા મનના દ્વારા કરે યત્ન એ એને અવબોધવા,
પરંતુ સૂચનો માત્ર એને ઉજ્જવળ આવતાં,
પામતો એ ન એનામાં મૂર્ત્ત થયેલ સત્યનેઃ
પછી પોતામહીં એને પામવાને મૌન એ સેવતો, અને
શ્રુતિનો ચૈત્ય-આત્માની ભેટો એને થતો ભીતરની મહીંઃ
છંદોલયે ભર્યા સૂરે શબ્દકેરો ધ્વનિ આવૃત્તિ પામતોઃ
વિચાર, દૃષ્ટિ ને ભાવ અને ઈન્દ્રિયચેતના,
ને સત્તા દેહની જાતાં ઝલાઈ ત્યાં અનિવાર્ય પ્રકારથી,
ને મનુષ્ય સહે એક સંમુદા ને અમર્ત્ય પરિવર્તન;
સંવેદે એ બૃહદ્-ભાવ અને એક શક્તિરૂપ બની જતો,
સમુદ્ર સમ આવે છે સર્વ જ્ઞાન એની ઉપર ઊમટીઃ
હર્ષ ને શાંતિનાં નગ્ન સ્વર્ગોમાં એ સંચરે પલટાયલો
શુભ્ર અધ્યાત્મ રશ્મિએ,
પ્રભુનું મુખ એ જોતો, સુણતો એ પારકેરી સરસ્વતીઃ

Love is a glory from eternity's sphere

To live, to love are signs of infinite things,
Love is a glory from eternity's spheres.
Abased, disfigured, mocked by baser mights
That steal his name and shape and ecstasy,
He is still the godhead by which all can change.
A mystery wakes in our inconscient stuff,
A bliss is born that can remake our life.
Love dwells in us like an unopened flower
Awaiting a rapid moment of the soul,
Or he roams in his charmed sleep mid thoughts and things;
The child-god is at play, he seeks himself
In many hearts and minds and living forms:
He lingers for a sign that he can know
And, when it comes, wakes blindly to a voice,
A look, a touch, the meaning of a face.
His instrument the dim corporeal mind,
Of celestial insight now forgetful grown,

He seizes on some sign of outward charm
To guide him mid the throng of Nature's hints,
Reads heavenly truths into earth's semblances,
Desires the image for the godhead's sake,
Divines the immortalities of form
And takes the body for the sculptured soul.
Love's adoration like a mystic seer
Through vision looks at the invisible,
In earth's alphabet finds a godlike sense;
But the mind only thinks, "Behold the one
For whom my life has waited long unfilled,
Behold the sudden sovereign of my days."
Heart feels for heart, limb cries for answering limb;
All strives to enforce the unity all is.
Too far from the Divine, Love seeks his truth
And Life is blind and the instruments deceive
And Powers are there that labour to debase.
Still can the vision come, the joy arrive.
Rare is the cup fit for love's nectar wine,
As rare the vessel that can hold God's birth;
A soul made ready through a thousand years
Is the living mould of a supreme Descent.

Savitri : 397-398

પ્રેમ છે દિવ્ય મહિમા

જીવવું, કરવો પ્રેમ
એ છે નિશાનીઓ સીમાવિમુક્ત વસ્તુઓતણી.
પ્રેમ છે મહિમા દિવ્ય આવનારો શાશ્વતીનાં જગત્ થકી.
ભ્રષ્ટ, વિરૂપ કીધેલો, વિડંબાતો બળોથી હીન કોટિનાં
જે ચોરી એહનું નામ લેતાં, લેતાં એનું રૂપ
ને લેતાં સંમુદા હરી,
છતાં યે દેવ એ દેવા પલટાવી સઘળું યે સમર્થ છે.
અચેત આપણે દ્રવ્યે જાગતી એક ગુહ્યતા,
આપણી જિંદગીને જે નવે રૂપે ઘડી શકે
એવો એક પરમાનંદ જન્મતો.
વણ-ખૂલ્યા ફૂલ જેવો આપણામાં પ્રેમનો વાસ હોય છે
વાટ જોતો વેગવંતી ક્ષણની અંતરાત્મની,
યા મંત્રમુગ્ધ નિદ્રામાં

વિચારો ને વસ્તુઓની વચ્ચે એ અટતો રહે;
બાલ-પ્રભુ કરી લીલા રહેલો છે, શોધે છે એ સ્વરૂપને
અનેક હૃદયોમાં ને મનોમાં ને જીવતાં રૂપની મહીંઃ
સમજી એ શકે પોતે એવા સંકેત કાજ એ
વિલંબ કરતો રહે,
ને એ સંકેત આવે કે જાગી એ અંધ ઊઠતો
કોઈ એક સ્વરે, દૃષ્ટે, સ્પર્શે યા તો મુખના એક માયને.
દેહકેરું તમોગ્રસ્ત મન સાધન એહનું,
દૃષ્ટિ અંતરની દિવ્ય હવે ભૂલી ગયેલ એ,
નિસર્ગ-સૂચનોકેરા મોટા સમૂહમધ્યમાં
માર્ગદર્શન કારણે
બ્હારની ચારુતાકેરી સંજ્ઞા કો એક એ ગ્રહે,
આભાસોમાંહ્ય પૃથ્વીના સત્યો સ્વર્ગીય એ પઢે,
દેવને બદલે દેવમૂર્તિકેરી સ્પૃહા કરે,
રૂપનાં અમૃતત્વોના ભાખે છે એ ભવિષ્યને
ને કંડારેલ આત્માને રૂપે લે છે સ્વીકારી એ શરીરને.
મર્મી દ્રષ્ટા સમો ભાવ પ્રેમનો ભક્તિએ ભર્યો
નાખે છે દર્શન દ્વારા દૃષ્ટિ અદૃશ્યની પ્રતિ,
લિપિમાં પૃથિવીકેરી જુએ છે એ આશય પરમાત્મનો;
પરંતુ મન માને છે ખાલી કે ''એક આ જુઓ,
જેને માટે રાહ લાંબી જીવને મુજ જોઈ છે
ચરિતાર્થ થયા વિના,
જુઓ અચિંતવ્યો મારી જિંદગીનો મહાપ્રભુ.''
હૈયાને કાજ ફંફોળે હૈયું, અંગ
પોકારે છે અંગ માગે પ્રતિ-ઉત્તર આપતા;
જે સર્વ એકરૂપે છે તે દબાણ કરે છે ઐક્ય કારણે.
પ્રેમ સ્વ-સત્ય શોધે છે અતિ દૂર રહીને ભગવાનથી,
જિંદગી આંધળી છે ને કરણો વંચના કરે,
ને એને કરવા ભ્રષ્ટ છે બળો જે કામે લાગી રહેલ છે.
શક્ય દર્શન છે તો ય અને શક્ય આવાગમન હર્ષનું.
પ્રભુના જન્મને ઝીલી શકે એવું જેમ વિરલ પાત્ર છે
તેમ વિરલ છે પ્યાલો
પ્રેમામૃતતણું મદ્ય ધારવાની યોગ્યતા જેહની મહીં.

Whether it seem good or evil to men's eyes,
Only for good the secret Will can work.
Our destiny is written in double terms:
Through Nature's contraries we draw nearer God;
Out of the darkness we still grow to light.
Death is our road to immortality.
'Cry woe, cry woe,' the world's lost voices wail,
Yet conquers the eternal Good at last."

Savitri : 424-425

માનવી દૃષ્ટિને લાગે ઈષ્ટ યા તો અનિષ્ટ એ
છતાં કલ્યાણ માટે જ છૂપી ઈચ્છાકેરું કાર્ય થઈ શકે.
આપણા ભાગ્યનો લેખ બે રીતે છે લખાયલોઃ
નિસર્ગના વિરોધોમાં થઈ જાતા આપણે પ્રભુ-સંનિધે;
અંધકારમહીંથી યે જ્યોતિ પ્રત્યે આપણી વૃદ્ધિ થાય છે.
મૃત્યુ છે આપણો માર્ગ અમૃતત્વે લઈ જતો.
'સર્વનાશ, સર્વનાશ,'રડી ઊઠે હાર્યા પોકાર વિશ્વના,
છતાંય જય તો અંતે થાય શાશ્વત શ્રેયનો.''

Pain is the hammer of the Gods to break
A dead resistance in the mortal's heart,
His slow inertia as of living stone.
If the heart were not forced to want and weep,
His soul would have lain down content, at ease,
And never thought to exceed the human start
And never learned to climb towards the Sun.

Savitri : 443

દુઃખ છે ઘણ દેવોનો, મર્ત્ય હૃદયની મહીં
બાધા છે જડસી જેહ, જીવતા પથરાતણી
જડતા મંદ છે જેહ, તેને તોડી પાડવાને પ્રવર્તતો.
અભાવે માગવાની ને અશ્રુઓ સારવાતણી
એના હૈયા પરે બેળે લાદી ફરજ હોત ના,
તો ઢળેલો રહ્યો હોત આત્મા એનો નિરાંતના
સુખારામે, અને એને માનવીની પ્રારંભિક દશાથકી
આગળ વધવાકેરો આવ્યો હોત કદાપિય વિચાર ના
અને સૂર્ય દિશે ઊંચે ચડવાનું શીખ્યો હોત કદી ન એ.

*

શ્રી આલોક પાન્ડેએ સમગ્ર મહાકાવ્યમાંથી પસંદગી કરીને પંક્તિઓ રજૂ કરી છે. અમે અંગ્રેજી-ગુજરાતી સાથે રજૂ કરવાનું પસંદ કર્યું હોવાથી અમે પર્વ-૬ સુધીની પંક્તિઓ જ આ અંકમાં સમાવી શક્યાં છીએ. બાકી રહેલી પંક્તિઓ ભવિષ્યમાં તક મળ્યે રજૂ કરવાની અભીપ્સા અમે સેવીએ છીએ.

– *તંત્રી*

'સાવિત્રી' વિષયક પ્રશ્નોના શ્રી માતાજીએ આપેલા ઉત્તર

બાળક : માતાજી, વેદના, અજ્ઞાન અને દુઃખમાંથી આવતાં હોય છે. પરંતુ મા ભગવતી – સાવિત્રીમાં મા ભગવતી – પોતાનાં બાળકો માટે જે વેદના અને દુઃખ અનુભવતાં હોય છે તે કેવા પ્રકારનાં હોય છે ?

શ્રી માતાજી : એ થવાનું કારણ એ છે કે મા ભગવતી તેમની પ્રકૃતિમાં ભાગ લેતાં હોય છે. તેઓ તેમની પ્રકૃતિમાં ભાગીદાર થવાને માટે પૃથ્વી ઉપર નીચે આવેલાં છે. કેમ કે તેમણે જો તેમની પ્રકૃતિમાં ભાગ ન લીધો હોત તો તેઓ તેમને આગળ દોરી જઈ શક્યાં ન હોત. તેઓ જો પોતાની પરમ ચેતનામાં જ બેઠેલાં રહ્યાં હોત તો, કે જ્યાં વેદના હોતી નથી, તેઓ જો પોતાના પરમ જ્ઞાનમાં અને ચેતનામાં બેઠેલાં રહ્યાં હોત તો તેઓ માનવપ્રાણીઓ સાથે સંપર્કમાં આવી શક્યાં ન હોત અને એટલા માટે તેમને માનવનું રૂપ અને ચેતના ધારણ કરવાની ફરજ પડેલી છે, તેમની સાથે સંપર્કમાં આવી શકાય તેટલા માટે. માત્ર એટલું જ કે, તેઓ પોતે વિસ્મરણમાં ડૂબી જતાં નથી : તેમણે માણસોની ચેતના ધારણ કરેલી હોય છે પરંતુ તેઓ પોતાની મૂળ, પરમ ચેતના સાથે સંબંધમાં રહેતાં હોય છે. અને આ રીતે, આ બેનું જોડાણ કરીને તેઓ જે લોકો પેલી બીજી ચેતનામાં રહેલાં હોય છે તેમને પ્રગતિ કરાવી શકે છે. પરંતુ તેમણે જો એ લોકોની ચેતના ધારણ ના કરી હોત, તેઓ જો એ લોકોની વેદનાની સાથે સાથે પોતે પણ દુઃખ ન અનુભવતાં હોત તો તેઓ મદદ કરી શક્યાં ન હોત. મા ભગવતીની વેદના તે અજ્ઞાનની વેદના નથી. એ વેદના તાદાત્મ્યમાંથી આવે છે. એ થવાનું કારણ એ છે કે તેમણે એ લોકોના જેવાં જ આંદોલનો અનુભવવાનું સ્વીકાર કરેલું છે, એમની સાથે સંપર્કમાં આવી શકાય અને તેમને તેઓ જે અવસ્થામાં છે તેમાંથી બહાર ખેંચી કાઢી શકાય એટલા માટે તેમણે આ કરેલું છે. મા ભગવતી જો આ લોકો સાથે સંપર્કમાં આવ્યાં ન હોત તો લોકોને તેમનો અનુભવ જરા પણ થાત નહિ, અથવા કોઈ પણ તેમના પ્રકાશને ઝીલી શક્યું ન હોત !... આ વસ્તુ અનેક રૂપે, અનેક રીતના ધર્મોમાં કહેવાયેલી છે. અને લોકોએ ઘણી વાર પ્રભુના દિવ્ય બલિદાનની વાત કરેલી છે. પણ અમુક દૃષ્ટિબિંદુથી જોતાં તે સાચું છે. એ એક સ્વેચ્છાથી કરેલું બલિદાન છે, પણ એ સાચું છે. બાહ્ય જગતને તેના અજ્ઞાનમાંથી બહાર ખેંચી લાવવા માટેની શક્તિ મળે તેટલા માટે અજ્ઞાનની અવસ્થાનો સ્વીકાર કરવો, સંપૂર્ણ ચેતનાની અવસ્થાનો ત્યાગ કરવો. સંપૂર્ણ પરમાનંદ, સંપૂર્ણ શક્તિની અવસ્થાનો ત્યાગ કરવો, આ અવસ્થાનો જો સ્વીકાર કરવામાં ન આવે તો તે અવસ્થા સાથે કોઈ સંપર્ક સધાય નહિ. કોઈ સંબંધની શક્યતા રહે નહિ. અને અવતારો થાય છે તેનું કારણ આ છે. એમ ન હોત તો અવતારની કોઈ જરૂર

રહેત નહિ. જો દિવ્ય ચેતના તથા દિવ્ય શક્તિ પોતાની પૂર્ણતાના સ્થાનમાંથી અથવા તો અવસ્થામાંથી સીધેસીધી કામ કરી શકતી હોત. એ જો જડતત્ત્વ ઉપર સીધેસીધી કામ કરી શકતી હોત અને તેનું રૂપાંતર કરી શકતી હોત, તો પછી તેને માનવના જેવું શરીર ધારણ કરવાની જરૂર ન રહી હોત, સત્યના જગતમાંથી પેલી સંપૂર્ણ ચેતના સાથે, અને ચેતના ઉપર કામ કરવામાં આવે તો એટલાથી કામ ચાલી જાત. હકીકતમાં તો એ રીતે કદાચ કામ થાય છે, પરંતુ તે એટલું બધું ધીમું હોય છે કે, જ્યારે જગતને પ્રગતિ કરાવવાને માટે, તેને વધારે વેગથી આગળ ધપાવવા માટે આમાં પ્રયત્ન થઈ રહ્યો હોય છે ત્યારે, આમ તો, માનવપ્રકૃતિ ધારણ કરવાની જરૂર પડે છે. માનવનું શરીર ધારણ કરવા જતાં, થોડેઘણે અંશે આપણે માનવ પ્રકૃતિ પણ ધારણ કરવાની ફરજ પડે છે. માત્ર એટલું જ કે, એમાં આપણે આપણી ચેતના ગુમાવી દેતા નથી તેમ જ સત્ય સાથેનો સંબંધ ગુમાવી દેતા નથી, પણ આ ચેતના અને સત્યને જાળવી રાખીએ છીએ અને એ બેનું જોડાણ કરીને આપણે રૂપાંતરનો આ પ્રમાણેનો કીમિયો બરાબર સમજી શકીએ છીએ. પરંતુ આપણે જડતત્ત્વને સ્પર્શ કર્યો ન હોત, તો આપણે એને માટે કશું જ કરી શક્યા ન હોત.

બાળક : પોતે શું કરવાની હતી તે સાવિત્રીએ પહેલેથી જોઈ મૂક્યુ હતું ?

શ્રી માતાજી : એણે એમ કહેલું. તમે એ પુસ્તક વાંચ્યું નથી ? એને એમ પણ કહેવામાં આવેલું કે તે એકલી જ હશે. અને તેણે કહેલું કે, હું એકલી હોવાને માટે તૈયાર છું. તમે વાંચ્યું નથી ? એ સર્ગનું ગાન તો એ લોકોએ✯ ગઈ સાલ કર્યું હતું.

બાળક : એને ખબર હતી કે એ 'કરુણાની દેવી' અને 'મહાશક્તિ માતા'ને મળવાની હતી ?

શ્રી માતાજી : એ જાણતી જ હતી - એમાં દરેક ઠેકાણે કહેવામાં આવ્યું છે કે જે બનવાનું હતું તે એ પહેલી જાણતી જ હતી. એ વસ્તુ સ્પષ્ટપણે લખેલી છે. વસ્તુતઃ એ દરેક સ્વરૂપને તેણે જણાવેલું છે કે તમારે જેની જરૂર છે તે હું લાવીશ. એટલે એ જાણતી જ હતી. નહિ તો એણે એમ ન કહ્યું હોત. જો એ જાણતી ન હોય તો એવું કઈ રીતે કહી શકે ?

બાળક : 'સાવિત્રી'માં 'સંતાપોની માતા' કહે છે :

છેલ્લી નિદ્રામહીં જ્યારે જશે ડૂબી જગત્ તદા કદાચ
હું ય પોઢીશ મૂક શાશ્વત શાંતિમાં.

(સાવિત્રી, પર્વ ૭, સર્ગ ૪)✯

શ્રી માતાજી : આહ ! આ તો માનવની ચેતના છે. એ માનવની ચેતના છે. આ તો માનવની ચેતનાનો ખ્યાલ છે કે જ્યારે સૌ વેદનાઓનો અંત આવશે ત્યારે, 'હું નિદ્રા લઈશ.' શ્રી અરવિન્દ ખાસ આ વસ્તુની જ વાત કરે છે. જ્યારે કોઈ વ્યક્તિમાં કોઈ પરમ શાંતિ માટેની

✯ સાવિત્રી, પર્વ ૭, સર્ગ ૪.

✯ મૂળ અંગ્રેજી ઉપરથી શ્રી પૂજાલાલે કરેલો કાવ્યાનુવાદ. સાભાર ઉદ્ધૃત.

અભીપ્સા હોય છે ત્યારે એને એમ લાગે છે કે જો પ્રલય થઈને આખું જગત વિલીન થઈ જાય તો, છેવટે શાંતિ તો મળે. પરંતુ એ વાક્ય જ વદતો-વ્યાઘાત સરખું છે, કારણ કે જો પ્રલય જ થાય તો પછી શાંતિ અનુભવવાપણું જ બાકી ન રહે ! કશું જ બાકી ન રહ્યું હોય !

પરંતુ માનવ ચેતનામાં રહેલા પરસ્પર વિરોધી ભાવોમાંનો આ પણ એક છે : 'જ્યાં લગી આ જગત છે અને એમાં વેદના છે ત્યાં સુધી હું પણ જગતની સાથે દુઃખ ભોગવીશ. પરંતુ જ્યારે પણ જગતનો શાંતિમાં પ્રવેશ થશે, અ-સત્‌માં વિલય થઈ જશે, ત્યારે મને પણ આરામ મળશે.' જગતમાં જ્યાં લગી વેદનાનું અસ્તિત્વ છે ત્યાં સુધી હું પણ તેની સાથે દુઃખ અનુભવીશ એમ કહેવાની આ કાવ્યમય રીત છે - કેવળ જ્યારે એનું અસ્તિત્વ મટી જશે ત્યારે એ મારે માટે પણ મટી ગયું હશે.

બાળક : ત્યારે પછી પેલી કરુણાની દેવી શું કરશે ? એ બીજું શું કરી શકે ?

શ્રી માતાજી : એ આનંદની દેવી બની જશે.

બાળક : સાવિત્રી, મા ભગવતીની ચેતનાની પ્રતિનિધિ છે, ખરુંને ?

શ્રી માતાજી : હા.

બાળક : સત્યવાન કોનો પ્રતિનિધિ છે ?

શ્રી માતાજી : એ તો અવતાર છે, નહિ ? એ તો પરમ સ્વરૂપનો આવિર્ભાવ છે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ-૫ પૃષ્ઠ - ૫૨૦થી ૫૨૩)

*

'સાવિત્રી' છે જગતના રૂપાંતર માટેનો મંત્ર.

શ્રી માતાજી

'સાવિત્રી' વિશે શ્રી અરવિન્દે કરેલી સ્પષ્ટતાઓ

મેં સાવિત્રીનો ઉપયોગ આરોહણના સાધન તરીકે કર્યો છે. મેં સાવિત્રી લખવાની શરૂઆત અમુક મનોમય ભૂમિકાએ કરી હતી, દરેક વખતે હું જ્યારે વધુ ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરતો ત્યારે એ ઉચ્ચ ભૂમિકા પરથી મેં સાવિત્રીનું પુનઃલેખન કર્યું છે. વધુમાં એ લખાણ બાબતે હું ખાસ કરીને ચોક્કસ રહેતો હતો - અમુક અંશ, મને એમ લાગે કે નિમ્ન ભૂમિકાએથી ઊતરી આવ્યો છે તો એ અંશ કારણ કે એ એક સારી કવિતા છે એટલે તે એમને એમ જ રહેવા દેવામાં મને સંતોષ થતો નહિં. વાસ્તવિકતામાં 'સાવિત્રી' ને મેં એક કાવ્ય, — કે જેને લખી નાખી પૂર્ણ કરવાનું છે — તરીકે ગણી જ નથી, મેં સાવિત્રીલેખનને અજમાયેશના ક્ષેત્ર તરીકે સ્વીકાર્યું છે, પોતાની યૌગિક ચેતનામાંથી કવિતા કેટલે અંશે લખી શકાય, અને એને કેટલી માત્રામાં સર્જનાત્મક બનાવી શકાય એ અજમાયેશ તરીકે મેં આ કાવ્યલેખન કર્યું છે.

★

... સાવિત્રી એ દર્શના, તેમ જ અનુભૂતિની નોંધ છે. જે અનુભૂતિ અને દર્શના સામાન્ય પ્રકારની નથી. અને સામાન્ય માનવોને જે દર્શન કે અનુભૂતિ થાય છે એનાથી વધુ ઉચ્ચ પ્રકારની એ દર્શના કે અનુભૂતિ છે. સામાન્ય માણસો કે બીજા બધા પ્રથમ સ્પર્શે જ આ કાવ્યની પ્રશંસા કરે કે એને સમજી શકે એવી અપેક્ષા તમારે રાખવી ન જ જોઈએ...

શ્રી અરવિન્દ

(Cent. ed. Vol : 26, PP : 229 - 249)

'સાવિત્રી' માં કોઈ પણ જગાએ કેવળ સારું ચિત્ર ઉપસાવવા માટે, કે ભાષાના પ્રયોગની સસ્તી અસર ઉપજાવવા માટે મેં કશું જ લખ્યું નથી. મેં જે જોયું છે, અનુભવ્યું છે, અથવા તો અંતરમાં જાણ્યું છે, તે જ સમગ્ર કાવ્યમાં વ્યક્ત કરવાનો પ્રયત્ન મેં કર્યો છે.

(Letters on Savitri)

Published on 5th of Every Month
Posted on 10th of Every Month at Vadodara HO

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

(વર્ષ ૦૮ : અંક ૦૧)

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૨૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦
વિદેશ માટે–હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી–૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા–૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી–૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.